# કઠોપનિષદ

## શિબિર-૮

## પ્રવચન-૧   તા. ૨૮-૧૨-૨૨   સવાર

## અધ્યાય-૨   તૃતીય વલ્લી

## બ્રહ્મજ્ઞાનથી અમરતા

### જનરલ

### દશ્ય - અદશ્ય

* મનુષ્યભવની સાર્થકતા શેમાં છે?
  - યથાર્થ પરાક્રમ - જ્ઞાનીનું પરાક્રમ
  - દશ્યને અદશ્ય (ઉદાસીન) / અદશ્યને દશ્ય (તાદાત્મ્ય)
* પત્રાંક - ૬૪૮
  - જ્ઞાનીનાં વચન મીઠાં   દા.ત. ડાયાબિટીસ નહીં
  - પ્રેરણા / માર્ગદર્શન   દા.ત. ઈન્જેક્શન
* ટૂંકાં છતાં મહત્ત્વનાં
  - દા.ત. અત્તર  દા.ત. ટેલિગ્રામ  દા.ત. મેળવણ
  - મોહનાશ   દા.ત. અગ્નિ - પાણી

---

* યથાયોગ્ય વિચાર કરવાથી
  - પોતા સાથે જોડો - આત્મસાત્ કરો
  - દા.ત. કૉફી - સાકર - હલાવું - મીઠી
* દશા પરિવર્તન
  - દા.ત. ભરતકામની જેમ ગૂંથાય
  - સાધનદશા - જ્ઞાનદશા પ્રગટે

---

I)

* જગત - સંસાર
  - બ્રહ્મ / સ્વયં   દા.ત. સ્ક્રીન
    દા.ત. સ્ત્રી - પત્ની પ્રક્ષેપણ
  - ઊપજે મોહ વિકલ્પથી - સંસાર
* પ્રયોજન - રુચિ - માન્યતા અનુસાર
  - જ્ઞાન / નોંધ - મહિમા / જેનો - અર્થ / વ્યર્થ
  - દા.ત. કપડાં   દા.ત. શૉપિંગ મૉલ
    દા.ત. સંવત્સરી / ટપાલપેટી   દા.ત. દાગીના
* જગત એક - સંસાર અનેક
  - દા.ત. ઘોંઘાટ / સંગીત = ખેલ / ખલેલ
  - દા.ત. ૭ જગત / ૧ છાપરું = અતિક્રમણ

---

* દૃષ્ટિ તેવી સૃષ્ટિ
  - મન દેખાડે તેમ   દા.ત. સંત તુલસીદાસ
    દા.ત. વારાણસી - ઈસ્ત્રી
  - અવચેતન   દા.ત. મુલ્લા મનોચિકિત્સક
* પ્રક્ષેપણ - આકર્ષણ
  - આરોપવું ખેંચાવું  દા.ત. કેક
  - જાગીને જોઉં તો જગત દીસે નહીં

---

### અદશ્ય - દશ્ય

II)

* આત્મા - દેહ
  - નિરંતર - નિકટ
  - એક ક્ષેત્રે - દરેક ભવમાં
* ભિન્ન જ રહે છે
  - સંયોગમાત્ર જ છે
  - દા.ત. શાલ   દા.ત. પાણી તેલ

---

* દેહાભિમાનના કારણે
  - દા.ત. કેળું - છાલ - ગર
  - તત્ત્વદૃષ્ટિ રાખો
* અદશ્ય તેથી વિસ્મરણ
  - દા.ત. અભિનેતા - પાત્રો
  - પક્ષ બદલો
* આત્મચિંતન - આત્મભાવના
  - વિચાર - ભાસન - વેદન
  - સતત નજરાયા કરે

---

### નિષ્કર્ષ

* પરમતત્ત્વ અદશ્ય - પૌદ્ગલિક પદાર્થ દશ્ય
  - જ્યારે પદાર્થ અદશ્ય - પરમાત્મા દશ્ય
  - તે દિવસે સત્યની અનુભૂતિ થાય
* તેથી પરમ અવસ્થામાં જ્ઞાનીએ કહ્યું
  - જગત મિથ્યા / માયા / ભ્રમ છે
  - જેમ અજ્ઞાની ઈશ્વર / આત્માને કહે છે

---

* દૃષ્ટિનો ખેલ
  - જ્ઞાનીને - જગત છૂટી જાય છે
  - અજ્ઞાનીને - ઈશ્વર છૂટી જાય છે
* પશુ - પાશમાં બંધાયેલો
  - જાનવર નથી - બંધાયેલો
  - મિથ્યાદૃષ્ટિથી બંધાયેલો
* પશુતાથી ઉપર ઊઠવાનું છે
  - મનુષ્યભવ - એક અવસર છે
  - દા.ત. શીર્ષાસનમાં - સીધા ચાલવું

## શ્લોક - ૧

### શ્લોકનો પરિચય

* આપણી તરફ વહેતી કોઈ ફૂલની સુગંધ
  - માત્ર તે છોડ / વૃક્ષની હયાતીનો જ નહીં
  - પરંતુ તેને ટકાવી રાખતાં મૂળોનો પણ ખ્યાલ આપે છે
* તેમ વિશ્વનાં નામ-રૂપના અવલોકનથી
  - તે સર્વના મૂળને તારવી કાઢવા
  - શ્રુતિ ઇચ્છે છે
* આમ, દશ્યમાન અને અનુભૂત
  - કાર્યના અદશ્ય કારણનો નિર્દેશ કરવા માટે
* સમગ્ર જગત અશ્વત્થ વૃક્ષ સમાન
  - સત્‌માંથી વિસ્તર્યું છે એ સંદર્ભમાં
  - એક સુંદર ઉપમા અહીં પ્રસ્તુત કરી છે

---

* અશ્વત્થ વૃક્ષનું વર્ણન કરવા માટે
  - મહર્ષિ વ્યાસે પણ ભગવદ્ ગીતાના
  - ૧૫ અધ્યાય - પ્રારંભિક ૩ શ્લોક પ્રયોજ્યા છે
* ભગવદ્ ગીતામાં રૂપક
  - અહીંથી લેવામાં આવ્યું છે
  - અંતિમ સત્ય, અંતર્ગત સત્ય વિષે

---

* મૂળ ઉપર છે || શાખાઓ નીચે છે
  - મૂળ સ્રોતનું પ્રતીક છે
  - શાખા અભિવ્યક્તિનું પ્રતીક છે
* મૂળ જોઈ ન શકાય - અનુમાન - શાખાઓ પરથી
  - બ્રહ્મ જોઈ ન શકાય - અનુમાન
  - જગતને જોઈને
* અંતર્ગત સત્ય બ્રહ્મ છે
  - જે અનુત્પન્ન - શાશ્વત
  - સદા પ્રકાશિત ચૈતન્ય

---

* બ્રહ્મને સમજાવવાની વિવિધ રીતો
  - દા.ત. ગોળી છોડ્યા કરો
    એક લક્ષ્યને વીંધશે

### અશ્વત્થ વૃક્ષ

* સંસારને અશ્વત્થ (પીપળ) વૃક્ષની ઉપમા આપી છે
  - પીપળનું વૃક્ષ વિસ્તૃતપણે વિકસિત
  - મજબૂત બાંધાનું - દીર્ઘ આયુ ધરાવતું
* આથી બહુલતાના વિશ્વની
  - સરખામણી કરવા માટે આના સિવાય
  - કોઈ અન્ય વૃક્ષની ઉપમા આપી શકાય નહીં

---

* અન્ય કારણ એ છે કે અશ્વત્થ
  - અ + શ્વ + ત્થ
    નહીં આવતી કાલ સ્થિત રહેનાર
  - ભવિષ્યમાં રહેનાર નથી - અસ્થાયી, અનિત્ય
* નાશવંત વિષયોના જગતનો નિર્દેશ
  - બ્રહ્મથી અન્ય સર્વ કોઈ અનિત્ય છે
  - આત્મજ્ઞાન દ્વારા બાધ થઈ શકે છે
    (વિલય થતાં નહિ વાર - સંસાર)

---

* સનાતન?
  - સંસારવૃક્ષનું છેદન શક્ય છે, સરળ નથી
  - વૈરાગ્યરૂપી અસંગ શસ્ત્રની અનિવાર્યતા છે
  - માત્ર આત્મબોધથી જ શક્ય છે
  - વિવેક / વૈરાગ્યની કુહાડીથી તેનો છેદ ઉડાડી શકાય છે
  - સનાતન = સદા અસ્તિત્વ ધરાવે - હંમેશા રહ્યું છે

---

* તે એક વિચિત્ર વૃક્ષ છે
  - મૂળ ઉપર છે
  - શાખા નીચે જાય છે - સર્વ દિશાઓમાં વિકસે
* બ્રહ્મ કારણ છે - સંસાર કાર્ય છે
  - આપણે નીચે જઈએ છીએ - જગતમાં અટવાયેલા છીએ
  - આપણાં કાર્યો આપણને જગતથી બાંધે છે
* જગતનું મૂળ શોધો
  - બ્રહ્મને અનુભવશો
  - તો ફરીને આવવાનું નહીં
* ઇચ્છાઓ પર કાપ મૂકો - વૈરાગ્ય કેળવો
  - તમે બ્રહ્મ સાથે એક થશો
  - અંતિમ સત્ય (અંતર્મુખ અવલોકતાં)

| ઊર્ધ્વ મૂલં | સર્વ તેને આશ્રિત - અતિક્રમણ શક્ય નહીં |
|---|---|
| * દા.ત. વંશવૃક્ષનું ચિત્ર<br>- પ્રથમ પ્રપિતામહ - પછી પુત્રો, પુત્રી<br>- પછી પૌત્રો, પૌત્રીઓની શાખાઓ<br>* ચિત્રમાં ઉપર મૂળ હોય છે વૃક્ષમાં<br>- પણ અહીં 'ઉપર' એવો અર્થ નથી કરવાનો<br>- પરંતુ 'આદરભાવ'નો નિર્દેશ છે<br>સાર / મુખ્ય / સ્રોત | * સંસારની ઉત્પત્તિ - સ્થિતિ - લય<br>- બ્રહ્મમાં જ આશ્રિત છે<br>- સત્યસ્વરૂપ - શુભ્ર - શુદ્ધ - જ્યોતિર્મય છે<br>* જે બ્રહ્મ<br>- સંસારવૃક્ષનું મૂળ છે<br>- શુક્ર છે - શુભ્ર છે - શુદ્ધ છે - સત્ય છે |
| * મૂળ - અતિ પવિત્ર હોવાથી - ઊર્ધ્વ<br>- બ્રહ્મમાંથી સંસારનું વૃક્ષ પોતાની<br>- શક્તિ પ્રાપ્ત કરે છે<br>* સમગ્ર વિશ્વનું મૂળ 'સત્'માં જ રહેલું છે<br>- પરમસત્માંથી જ તે પોતાનું પોષણ<br>- પ્રાપ્ત કરે છે - એમ સમજવું<br>* આમ, સતત પરિવર્તન પામતો સંસાર<br>- વૃક્ષનાં મૂળ ઊંચાં છે - સૂક્ષ્મ છે<br>- સૂક્ષ્મ અને અદૃશ્ય હોવાથી ઊંચે રહ્યું<br>* સંસારવૃક્ષનું મૂળ - સાર શું છે?<br>- સંસારવૃક્ષનું જે કારણ હોય છે<br>- સંસારવૃક્ષનો સર્જનહાર ઈશ્વર છે<br>* તે ઊંચે છે - સૂક્ષ્મ, સારભૂત છે<br>- સંસારવૃક્ષનું મૂળ પરબ્રહ્મ કે<br>- સોપાધિક બ્રહ્મ કે ઈશ્વર<br>* અસાર સંસારનો સાર છે<br>- બ્રહ્મ છે - જેનું કોઈ કારણ નથી<br>- સત્યસ્વરૂપ - અમૃત - અવિનાશી છે | * સંસારનું કારણ હોવાથી - બ્રહ્મ જેવા<br>- કારણનું કદાપિ અતિક્રમણ થઈ શકે નહીં<br>- માટે કહ્યું - तत् न अत्येति कश्चन<br>* કોઈ પણ તેનું અતિક્રમણ કરી શકતું નથી<br>અને સર્વ તેનામાં જ આશ્રિત છે<br>- તે બ્રહ્મ છે<br>- તે સર્વ વિભાવભાવ તેના આધારે - ઉત્પત્તિ લય<br>* તેની પર કોઈ જઈ શકે નહીં<br>- બ્રહ્મને કાંઈ અતિક્રમી ન શકે - વાસનાનું અતિક્રમણ થઈ શકે<br>- આ અંતિમ સત્ય છે - માત્ર ઉત્તેજનાની સંવેદના<br>* આ અંતિમ સત્ય છે - બ્રહ્મ<br>- આ તે છે જેના વિષે તેં પૂછ્યું હતું<br>- एतद् वै तत् |
| * આમ, મૂળ (કારણ) બ્રહ્મ છે<br>- સંસાર કાર્ય છે<br>- બ્રહ્મ કારણ છે<br>* જગત - પ્રાતિભાસિક છે<br>- બ્રહ્મ - પારમાર્થિક સત્ય છે<br>- એ જ સાર - સત્વ - તત્ત્વ છે | * આ પરમતત્ત્વની પાર જવાનો કોઈ ઉપાય નથી<br>- જે અંતિમ સત્ય છે - જેની પાર કાંઈ નથી<br>- અનુભૂતિમાં ધન્યતા છે<br>* હવે આવતા બે મંત્રોમાં<br>- બ્રહ્મનું સ્વરૂપ દર્શાવ્યું છે<br>- બ્રહ્મ જગત સંબંધ વિસ્તારથી |

## શ્લોક - ૨

### બ્રહ્મજગત સંબંધ - બ્રહ્મ ભયે અનુશાસન

| બ્રહ્મના ભયે અનુશાસન | અમરત્વ પામે છે |
|---|---|
| I) બ્રહ્મ જગતનું કારણ<br>* પ્રાણસ્વરૂપ બ્રહ્મથી જ જગત પ્રગટેલું છે<br>- બૃહદારણ્યક / કેનોપનિષદમાં પણ કહ્યું<br>- બ્રહ્મને પ્રાણનો પ્રાણ કહેલો છે<br>* પાંચે પાંચ પ્રાણ<br>- પ્રાણ / અપાન / સમાન / ઉદાન / વ્યાન<br>- પોતાની ક્રિયા - બ્રહ્મની સત્તાથી પ્રવૃત્તિ કરે છે<br>* પ્રાણ તો જડ છે - કાર્ય કરી શકે નહીં<br>- બ્રહ્મની સત્તાથી જ ક્રિયાશીલ બને છે<br>- ઈન્દ્રિયો પણ - તેથી બ્રહ્મ પ્રાણોનો પ્રાણ કહેવાય | * આમ, જગતની પ્રવૃત્તિઓનો<br>- પ્રવર્તક / નિયામક માત્ર બ્રહ્મ જ છે<br>- તેના ભયથી સર્વ પોતપોતાના કાર્યમાં રત રહે છે |
| * આમ, બ્રહ્મ જ જગતની ચેષ્ટાનું<br>- સર્વ ભૂતોની ચેષ્ટાનું કારણ છે<br>- આખું જગત બ્રહ્મનો ખેલ છે<br>* સમગ્ર વિશ્વ એ અભિવ્યક્તિ છે<br>- પૂર્ણ બ્રહ્મની<br>- જગત બ્રહ્મના સૂર પર નૃત્ય કરે છે<br>* પ્રાણ = બ્રહ્મ - જગતનું મૂળ<br>- આજે અસ્તિત્વ - કાલે પ્રલય થતું વિશ્વ<br>- જેમાંથી ઉદ્‌ભવ્યું છે - તે શાશ્વત સત્ બ્રહ્મ છે | * બ્રહ્મ શક્તિનું પ્રતીક છે - મહા ભયનો સ્રોત<br>- દા.ત. રસ્તો - ગતિ મર્યાદા - પોલીસ ઊભા હોય<br>- ટિકિટ આપે - તેથી ભયના કારણે નિયમોનું પાલન<br>* રૂપક તરીકે કહ્યું - ભયમાંથી - નિયમોનું પાલન<br>- દા.ત. શિક્ષકની હાજરી - બાળકો સારી રીતે વર્તે<br>- કોઈ અવજ્ઞાની હિંમત ન કરે<br>* બ્રહ્મના ભયના કારણે - બધા અનુસરે<br>- બધું યોગ્ય રીતે સંચાલિત<br>- વિશ્વનું / પર્યાવરણનું સંતુલન સચવાય છે |
| * પરમકૃપાળુદેવ<br>- દા.ત. ઊપજે મોહ વિકલ્પથી ... વિલય થતાં નહિ વાર<br>- વિભાવ આત્મામાંથી - વિભાવથી સમસ્ત સંસાર | * વિશ્વમાં એક નિયમ છે - તે અનુસાર સર્વ<br>- કાંઈ અસ્તવ્યસ્ત નહીં - બધું લયબદ્ધ<br>- નિયમથી બધું નિયંત્રિત<br>* આ નિયમ - બ્રહ્મ કહેવાય<br>- દા.ત. જાણે કે પાછળ ચાબુક ઉગામીને<br>- ઊભો હોય (કર્મ સ્વભાવે પરિણમે) |
| II) ભયસ્વરૂપ<br>* પ્રાણસ્વરૂપ બ્રહ્મ મહાન ભયરૂપ (महत् भयम्) છે<br>- દા.ત. જાણે કે હાથમાં વજ્ર ઉગામી ઊભેલા હોય<br>- તેના ભયથી સંસારની સર્વ પ્રવૃત્તિઓ<br>- વિના વિલંબે - વિના વિઘ્ને - વિના વિશ્રામે ચાલ્યા જ કરે<br>* સંસારચક્ર ચાલ્યા કરે - તેના ભયથી<br>- સૂર્ય તપે / નદીઓ વહે / ચંદ્ર પ્રકાશે / વાયુ ગમન / પૃથ્વી ધરા પર ફરે / રાત-દિવસ થાય / પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા / ઋતુઓ બદલાય / વર્ષા થાય / અનાજ પાકે વગેરે | III) અમરત્વ<br>* પરિવર્તનના ખેલનું મૂળ કુટસ્થ બ્રહ્મને<br>- જે અનુભવે છે તે અમરત્વ પ્રાપ્ત કરે છે<br>- બ્રહ્મને જાણનારો જન્મમરણથી મુક્ત<br>* જેઓ બ્રહ્મને સમજે<br>- બ્રહ્મના નિયમોના સ્રોતરૂપે<br>- અમર બને<br><br>* બ્રહ્મને ન જાણવાથી - શરીરને આપણે પકડીએ છીએ<br>- જે બ્રહ્મને જાણે - શરીરને ન પકડે<br>- તેથી મૃત્યુ નહીં - મરણભયથી મુક્ત<br>* જે આત્મા અનુસાર - જીવનને અનુશાસિત<br>- સાક્ષીભાવે જીવે છે<br>- તે જન્મમરણથી મુક્ત થાય છે |

## <u>શ્લોક - ૩</u>

### બ્રહ્મના ભયથી બધી શક્તિઓ કાર્યાન્વિત

<u>સૂર્ય બ્રહ્મના ભયથી કાર્ય</u>

* ૧ ૨ ૩ ૪ ૫
સૂર્ય / અગ્નિ / વાયુ / ઈન્દ્ર / મૃત્યુદેવ

- સૌ સમર્થ દેવતા હોવા છતાં તેમાંથી
- કોઈ પણ સ્વતંત્ર રીતે કાર્ય કરવા સમર્થ નથી

* તે સૌનો નિયંતા બ્રહ્મ જ છે

- તેનાથી જ તેમને સત્તા / સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે
- તેના ભયથી સર્વ પોતાના કાર્યમાં કાર્યાન્વિત થાય છે

* સૌ દેવતાઓએ પોતપોતાનું કાર્ય

- બ્રહ્મના ભયથી સંભાળવું પડે છે
- તેઓ બ્રહ્મના નિયંત્રણમાં જ છે

* <u>સૂર્ય - પ્રકાશે છે</u>

- આકાશમાં રહે છે
- ગ્રહો તેની પ્રદક્ષિણા કરે છે
- ઉદય-અસ્ત થાય છે
- જેથી રાત-દિવસ મળે છે
- જગતને ભિન્ન ભિન્ન ઋતુ પ્રાપ્ત

* <u>અગ્નિ - તપે છે</u>

- ઉષ્ણતા પ્રદાન કરવી પડે છે
- કદાપિ ઠંડો થઈ શકે નહીં

* <u>વાયુ - ગગનમાં વિહાર કરે છે</u>

- વાદળોને એક સ્થળેથી
- અન્ય સ્થળે ધકેલવાં પડે છે
- ભિન્ન ભિન્ન દિશાઓમાં વર્ષા કરવી પડે છે
- નિરંતર વહેવું પડે છે

* <u>ઈન્દ્ર - નિયંત્રણ કરે છે</u>

- રાજા હોવા છતાં અન્ય દેવોનાં
  કાર્યનું નિરીક્ષણ કરવા
  હાથમાં વજ્ર લેવું પડે છે

* <u>મૃત્યુદેવ - પ્રાણ પાછળ ભાગે છે</u>

- પ્રાણીઓના પ્રાણ હરવા માટે
  દોડાદોડ કરવી પડે છે
- પ્રાણીમાત્રના વિનાશની વ્યવસ્થા
  કરવી પડે છે

<u>તેઓની મરજીને સમર્પિત</u>

* સર્વ દેવતાઓ પોતપોતાના

- સ્વધર્મનું પાલન કરવા કાર્યાન્વિત
- થાય છે કારણ કે સૌને બ્રહ્મનો ભય છે

* આમ, પરબ્રહ્મ સર્વનો નિયંતા છે

- અને તેના ભયથી સર્વ દેવતાઓ
- પોતાના નિયમોનું પાલન કરે છે

* પરમેશ્વરે સર્જેલા પ્રકૃતિના અફર નિયમનું

- સૌએ પાલન કરવું પડે છે
- કંઈ પણ અન્ય કરવામાં સ્વતંત્ર નથી

* બ્રહ્મ જ સર્વના શાસક - નિયંતા છે

- ભલે પ્રકૃતિ / માયા જગતનું કાર્ય કરે છે
- પરબ્રહ્મની અધ્યક્ષતાની અનિવાર્યતા રહે છે
- માયાનું સર્જન બ્રહ્મ જ કરે છે
- બ્રહ્મ જ નિયમોનું સર્જન કરે છે
- તે પ્રમાણે સૌએ પોતાનું કાર્ય કરવા સદા સક્રિય
  રહેવું પડે છે

* બ્રહ્મના બળ અને ભયના કારણે

- અગ્નિ બળે - સૂર્ય પ્રકાશે - વાયુ વહે
- ઈન્દ્ર શાસન કરે - મૃત્યુ તમારી પાછળ ભાગે

* પ્રકૃતિની બધી શક્તિઓ પરથી - સંચાલન કેટલું વ્યવસ્થિત

- તમે બ્રહ્મના અસ્તિત્વનું અનુમાન કરી શકો
- અંતર્ગત સત્ય

* તેથી, જીવે બધામાં ઈશ્વરનો હાથ જોવો

- તેઓની મરજીને સમર્પિત
  અને શાંત સ્વીકાર દા.ત. Uketamo
- તો બ્રહ્મ તમારી સમક્ષ પ્રગટ થશે

## પ્રવચન-૨ તા. ૨૮-૧૨-૨૨ બપોર

### જનરલ

#### બે ધારાઓ

* પરમાત્મા તરફ યાત્રા - બે ધારાઓ
  - પરમાત્મા છે - પ્રેમસ્વરૂપ, ભયસ્વરૂપ
  - બન્ને એકબીજાથી વિપરીત છે
* સંત તુલસીદાસ - જિસસ
  દા.ત. ભય વિના હોઈ ન પ્રીતિ
  દા.ત. પરમાત્મા પ્રેમ છે - જ્યાં ભય
  પ્રેમ નહીં

---

* આપણે સમજીએ
  - દા.ત. પિતા-માતા
* પિતાનો પ્રેમ - શરતી - તેથી ભય
  - દા.ત. પરીક્ષા પાસ નહીં - પ્રેમ બંધ
  - તેથી આદર અને ભય - બન્ને રહે
* માતાનો પ્રેમ - બિનશરતી - ભય નહીં
  - દા.ત. નાપાસ - છતાં પ્રેમ બંધ નહીં
  - તેથી કોઈ ભય નહીં
* પશ્ચિમમાં - પૂર્વમાં
  - પરમાત્મા પિતા તરીકે - હે પિતા!
  - પરમાત્મા માતા તરીકે - હે ગુરુમા!

---

* પ્રેમની અનુભૂતિ વિના - વિસર્જનાત્મક
  - દા.ત. હિટલરને માતા-પિતા પાસેથી ન મળ્યો
  - ખાલી હતો - હિંસક - વિશ્વયુદ્ધ
* પ્રેમની અનુભૂતિથી - સર્જનાત્મક
  - દા.ત. યુવક યુવતીને પ્રેમ - ઘર સજાવવા
  - પ્રેમ હોય સર્જનાત્મક - ન હોય વિધ્વંસ

---

* માત્ર પ્રેમ / અનુશાસન નહીં - સલાહ નહીં - બાળકોને
  - માત્ર પ્રેમ - ઝેરીલો બની જાય
  - પ્રેમ - અધિકાર છે, હક છે, કર્તવ્ય નહીં
* માત્ર અનુશાસન / પ્રેમ નહીં - તો
  - વિદ્રોહ - સંઘર્ષ - દમન
  - વિશ્વમાં પ્રેમની ભીખ માંગ્યા કરે

---

#### કુશળ પરવરિશ

* માતા-પિતાએ સંતુલન રાખવું જોઈએ
  - ખૂબ કડક - દમિત, વિકૃત
  - ખૂબ નરમ - સ્વચ્છંદી, જિદ્દી
* પરવરિશ કળા છે
  - મનોવૈજ્ઞાનિક કહે - સંતુલન
  - દા.ત. નટ દોરડા પર
* સંતુલન ન ચૂકો
  - માત્ર પ્રેમ - મફત મળે છે તેથી સ્વચ્છંદી
  - માત્ર અનુશાસન - વિદ્રોહી બને છે
* કુશળ પરવરિશ - ક્યારે? કેવી રીતે?
  - ભયભીત તો પ્રેમ - પ્રેમસ્વરૂપ
  - સ્વચ્છંદી તો ભય - ભયસ્વરૂપ

---

* વિરોધી
  ક્રિશ્ચૅનિટી - જૂડેઇઝમ
  - પરમાત્મા પ્રેમસ્વરૂપ - ક્રિશ્ચૅનિટી
  - પરમાત્મા ભયસ્વરૂપ - જૂડેઇઝમ
* જ્યૂઝ જેમ યમે કહ્યું
  - હાથમાં શસ્ત્ર - જરાક ભૂલ સજા
  - જરાક નારાજ તો ક્રોધિત થશે
* વિરાટ ઊર્જા ભયંકર છે
  - જો અનુકૂળ નહીં વર્તો - તો કૃપાપૂર્ણ નહીં
  - નષ્ટ કરી દેશે
* ધર્મ વિજ્ઞાન / ગણિત સમાન છે
  - કવિતા / પ્રેમ જેવું નહીં
  - પરંતુ નિયમ દા.ત. ગુરુત્વાકર્ષણ - વિપરીત તો હાડકાં ભાંગે
* નિયમ પ્રેમપૂર્ણ નથી
  - પરમાત્મા શાશ્વત નિયમ છે
  - નિયમ અનુસાર વર્તવું કે નુકસાન
* બે દૃષ્ટિ છે
  - જ્ઞાનમાર્ગી - નિયમ તરીકે જુએ
  - ભક્તિમાર્ગી - કરુણાવંત તરીકે જુએ
  } બન્ને માટે દુશ્મન નહીં

## તમારા પર નિર્ભર

* પરમતત્ત્વ શાશ્વત નિયમ તરીકે ગણશો

- માત્ર સ્તુતિ - વિપરીત વર્તન
- પરિણામ ભોગવવાં પડશે

* તેનું કારણ - સંદેશ

- સ્વયંને બદલો - માત્ર પ્રાર્થના નહીં
- ખુશામદ નહીં - આચરણ બદલો

* દા.ત. નદીની ધારા

- અનુકૂળ તો સાગર - મોક્ષ
- વિપરીત તો નહીં પહોંચાય - સંસાર

* ભયસ્વરૂપ કહેવા પાછળ હેતુ

- વિચારથી લડતા નહીં
- પ્રેમપૂર્ણ સમર્પણ કરજો

---

* પરમાત્મા ભયસ્વરૂપ નથી

- અહંકાર / મોહ - પરમાત્માથી ભયભીત છે
- દા.ત. બુંદ સાગર - કારણ કે નષ્ટ થશે

* બુંદ સાગરમાં વિલીન - ૨ દૃષ્ટિ

- બુંદ નષ્ટ - વિરાટ બનશે
- ભય થશે - પ્રેમ થશે

---

* પ્રેમસ્વરૂપ કે ભયસ્વરૂપ

- આપણા પર નિર્ભર - (આપણી દૃષ્ટિ)
- પરમાત્માનો સ્વભાવ નથી - તમારો સ્વભાવ તમારી તૈયારી

* જે મટવાને રાજી - પ્રેમસ્વરૂપ
જે મટવાને રાજી નહીં - ભયસ્વરૂપ

- આપણી તૈયારી પર નિર્ભર
- દા.ત. ઈસુ મટવા તૈયાર - શૂળી પર
- તેથી તેમની વ્યાખ્યા પ્રેમસ્વરૂપ છે
- આપણી ધારણા - ભગવાનની વ્યાખ્યા - આપણું માનસિક પ્રતિબિંબ

* પ્રેમનો અર્થ છે વિસર્જન

- ડૂબવાની / મટવાની તૈયારી
- અહંનો નાશ

* જો તૈયાર નહીં - ભયરૂપ

- પ્રેમ નહીં કરી શકો
- શાંતિ / સુખ નહીં અનુભવો

## પરમાત્મા તટસ્થ છે

* અહંકાર ભય ઉત્પન્ન કરે છે - તેથી

- પાછો જૂના કિનારે - નાસ્તિક બને
- ધાર્મિક તોપણ સદા ભયભીત રહે

* અહંને બચાવવાની કોશિશના કારણે

- પરમાત્મા ભયસ્વરૂપ ભાસે છે
- તે માત્ર તમારું પ્રક્ષેપણ છે - તેઓ તટસ્થ છે

---

* પરમાત્મા તો તટસ્થ છે - ન ભયરૂપ
- ન પ્રેમરૂપ

- આપણી મનોદશા - વૃત્તિની સમજ - તૈયારી
- ડરતાં હો કે ઝંખતાં હો...

* પરમાત્મા - તટસ્થ ઊર્જા છે - તત્ત્વ છે

- તેમનો કોઈ પક્ષ નથી
- આપણો ચુનાવ છે - પસંદગી છે

* જેમ જેમ નિકટ આવીએ

- તેમ તેમ નિર્વિકાર ભાસવા લાગશે
- ન ભયરૂપ, ન પ્રેમરૂપ

* બન્ને અધૂરી દૃષ્ટિ

- યમની (મૃત્યુ - ભયરૂપ) ... અહં નાશ
- બ્રહ્માની (નવજીવન - પ્રેમરૂપ) ... શુદ્ધ દશા જન્મ

## શ્લોક - ૪

## આત્મજ્ઞાન વિના પુનઃ પુનઃ જન્મ ધારણ

### દેહપતન પહેલાં આત્મજ્ઞાન

* સત્સ્વરૂપના અજ્ઞાનના કારણે
  - દેહાદિમાં તાદાત્મ્ય - સ્વરૂપ ન સમજ્યે
  - પામ્યો દુઃખ અનંત
    દા.ત. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર - ગાથા ૧
* દુઃખનો અંત આત્મજ્ઞાન થકી
  - આત્મસ્વરૂપ સાથેનું તાદાત્મ્ય
  - મનુષ્યભવની પરમ સિદ્ધિ છે
* મનુષ્યજન્મનું માહાત્મ્ય સમજાવતાં કહે
  - દેહપતન / મૃત્યુ પહેલાં
  - પ્રબળ પુરુષાર્થ કરી આત્મસાક્ષાત્કાર કરી લેવો જોઈએ
* આત્મસાક્ષાત્કાર થયે
  - જન્મમરણાદિ દુઃખનો અંત
  - પરિભ્રમણમાં પુનઃ ફસાતો નથી
* દા.ત. સ્વપ્નમાંથી જાગી ગયા પછી
  - સ્વપ્નમાં પાછળ પડેલા વાઘથી છૂટકારા
    માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી

---

* આ જીવનમાં જો જીવને ભાન થાય
  - સાચા સ્વરૂપનું - મૃત્યુ પહેલાં
  - સાંસારિક બંધનથી મુક્ત થશે
* આસક્તિ ગઈ - જો કર્મ બાકી
  - અલ્પ જન્મ કદાચ લેવા પડે
  - સંપૂર્ણ કર્મમુક્તિ માટે
* પરંતુ મુક્તિ પામશે
  - શરીરની હાજરીમાં
  - તેથી જીવન્મુક્ત કહેવાય
* તેથી, શરીર પડે (મૃત્યુ) તે પહેલાં
  - જો તમે બ્રહ્મને અનભવશો
  - તો તમે સંસારથી મુક્ત થશો
* સંચિત કર્મના નાશ પછી
  - વિદેહમુક્તિ પામશો
  - પ્રારબ્ધકર્મ બાકી છતાં જીવન્મુક્તિ

### ન પામે તો ભ્રમણ

* જો જીવન દરમ્યાન ન કરી શક્યો
  - તો મુક્તિ નહીં મળે
  - પરંતુ જન્મ-મરણનું ચક્ર મળશે
* કારણ કે અજ્ઞાનના લીધે
  - અતૃપ્ત વાસના માટે
  - અનેક યોનિઓમાં ભટકવું પડશે
* ચોર્યાસીના ફેરા પ્રાપ્ત થશે
  - વિવિધ લોકમાં જાઓ - સ્વર્ગ, નરક
  - પશુ - પક્ષી કે પથ્થર પણ
* જો મૃત્યુ પહેલાં ન પામી શકો
  - નવા શરીરને ધારણ કરવા લાયક
  - પુનર્જન્મને યોગ્ય

---

* મનુષ્યજન્મ નિષ્ફળ જશે
  - માટે કોઈ પણ ભોગે પ્રયત્ન કરવો
  - દા.ત. સમુદ્રમાં મોતી
* દુર્લભ મનુષ્યપણાનો - સદુપયોગ કરવો
  - કારણ કે મનુષ્યયોનિમાં કર્મ કરવાની સ્વતંત્રતા છે
  - ઉચ્ચ બૌદ્ધિક શક્તિ છે
* અન્ય યોનિ ભોગયોનિ છે
  - દેવ કે નારક હોવાથી
  - ચિત્તશુદ્ધિ માટે અવકાશ નથી

---

* વીજળીના ચમકારા જેવા મનુષ્યજીવનમાં
  - વિલંબ કર્યા વિના - સર્વસ્વ હોમીને
  - સાક્ષાત્કાર માટે પ્રયત્ન કરવો
* છેવટની ઘડી સુધી પ્રયત્નો
  - ચાલુ રાખવા   દા.ત. શ્રી સોભાગભાઈ જેમ
  - સત્ય અને મહાન પ્રયત્નો કરવા
* ખૂબ પરિશ્રમ કરવા માટે
  - આ મંત્ર પ્રોત્સાહિત કરે છે
  - તકનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો

## શ્લોક - ૫

## સ્થાનભેદથી આત્મદર્શનમાં તારતમ્ય

### મનુષ્યલોકમાં - દર્પણ

* આગલા મંત્રમાં
  - આપણે પોતાના વાસ્તવિક સ્વરૂપની અનુભૂતિ કરવી જોઈએ
  - આપણા જીવનની સર્વોત્કૃષ્ટ સિદ્ધિ છે
* આ મંત્રમાં
  - માનવદેહમાં થયેલી અનુભૂતિ વધુ પવિત્ર
  - અન્ય ક્ષેત્ર કરતાં - વિવિધ લોકની વાત

---

* પૃથ્વીલોકમાં - માનવ તરીકે
  - ઉત્કૃષ્ટ મન / બુદ્ધિ ઉપકરણ તરીકે મળ્યાં
  - ચેતનાની અનુભૂતિ સ્પષ્ટ - સંપૂર્ણ - સંતોષપ્રદ શક્ય છે
* દા.ત. જેમ દર્પણમાં પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય
  - કારણ કે દર્પણની સપાટી
  - હલનચલનવાળી હોતી નથી
* તેમ મનુષ્યદેહસ્થિત જે શુદ્ધ અંતઃકરણ છે
  - તે પણ હલનચલનવાળું નહીં
  - ચંચળતારહિત હોય છે તો બ્રહ્મદર્શન સ્પષ્ટ
* મળ-વિક્ષેપરહિત શુદ્ધ અંતઃકરણમાં
  - બ્રહ્મદર્શન સ્પષ્ટ થાય છે
  - તેથી દેહપતન પૂર્વે બ્રહ્મદર્શન કરી લેવું જોઈએ
* આવો દેહ વારંવાર મળતો નથી તેથી
  - સદુપયોગ કરવો જોઈએ - કોઈ અભાગિયો
  - મૂર્ખ જ સદુપયોગ ન કરી વારંવાર જન્મમરણ નિમંત્રે છે
* જેનું મન વિક્ષેપયુક્ત હોય તેનું
  - મન દોડાદોડ કરતું હોવાથી બ્રહ્મદર્શન અશક્ય
  - દોડાદોડને તિલાંજલિ આપી સાક્ષાત્કાર માટે પ્રયત્ન કરવા
* આમ, શુદ્ધ દર્પણ જેવું જેનું શુદ્ધ અંતઃકરણ હોય
  - તેને બ્રહ્મદર્શન થાય - મનુષ્યદેહ અતિમૂલ્યવાન
  - બ્રહ્મદર્શન માટે ઉપયોગ કરી લેવો જોઈએ
* આ જન્મમાં - તમે બ્રહ્મદર્શન કરી શકો
  - જેમ દર્પણમાં તમે પ્રતિબિંબ જુઓ
  - यथा आदर्शे तथा आत्मनि

### પિતૃલોકમાં - સ્વપ્ન
### ગંધર્વલોકમાં - જળ પ્રતિબિંબ

* પિતૃલોકમાં     દા.ત. ૧ સ્ટાર હોટલ
  - પુણ્યકર્મના ફળસ્વરૂપ પિતૃલોક પ્રાપ્ત થાય
  - કામનાથી કર્મ કરવાથી તો પિતૃલોક પ્રાપ્ત થાય
* ત્યાં બ્રહ્મદર્શન     દા.ત. સ્વપ્નમાં દર્શન તેવું
  - અસ્પષ્ટ - અલ્પકાલીન
  - કારણ ત્યાં વૈરાગ્યનો અભાવ હોય છે
* જેનું મન ભોગાસક્ત હોય - વિક્ષિપ્ત હોય
  - ભૌતિક પદાર્થોમાં દોડાદોડ કરતું હોય
  - તેને સ્પષ્ટ આત્મદર્શન થતું નથી
* ત્યાં અનુભવ કરી શકો
  - આત્માને સ્વપ્નની જેમ અસ્પષ્ટ

---

* ગંધર્વલોકમાં ૫ સ્ટાર હોટલ (પરીઓનું ક્ષેત્ર)
  - પિતૃલોક કરતાં વધુ સારું સ્વર્ગ
  - પરંતુ ત્યાં બ્રહ્મદર્શન
* દા.ત. જળમાં પ્રતિબિંબ જેવું
  - મેલું - અસ્થિર - અસ્પષ્ટ
  - કારણ કે જળની સપાટી સ્થિર નથી
* સપાટી ચંચળ અને મેલી હોય તો
  - જેને ગંધર્વલોક પ્રાપ્ત થાય છે તેનું
  - મન અસ્થિર, ચંચળ, ભોગાસક્ત હોય છે
* તેથી ત્યાં સ્પષ્ટ આત્મદર્શન થઈ શકે નહીં
  - તે પાણીમાં જોવા સમાન
  - લહેરો હશે
  - પ્રતિબિંબ અસ્પષ્ટ અને ખંડિત હશે
* ગંધર્વલોકમાં સુખમાં ખોવાય
  - તેથી મન ભોગાસક્ત અને ચંચળ હંમેશાં ઉત્તેજિત રહે
  - તેથી બ્રહ્મદર્શન કઠિન છે
  - જેમ વહેતાં પાણીમાં તમારું પ્રતિબિંબ જોવા સમાન

## બ્રહ્મલોકમાં - તડકા છાયા

* બ્રહ્મલોકમાં ૭ સ્ટાર હોટલ

  - બ્રહ્મદર્શન સ્પષ્ટ અને શુદ્ધ થઈ શકે
  - ઊર્ધ્વગતિ કહેવામાં આવે છે

* ત્યાં આત્મદર્શન દા.ત. તડકા છાયા

  - જેમ સ્પષ્ટ ભિન્ન જણાય છે
  - કારણ કે ગહન ઉપાસના અને
    ઉત્તમ પુણ્યકર્મના પ્રતાપે પ્રાપ્ત

* તેથી ત્યાં અંતઃકરણ શુદ્ધ હોય છે

  - વિકારરહિત હોય છે - જાગૃત હોય છે
  - તેથી બ્રહ્મદર્શન સંભવે છે

* બ્રહ્મલોકમાં આત્મદર્શન છે

  - એકદમ સ્પષ્ટ જેમ છાંયો અને તડકો
  - પરંતુ ખૂબ પુણ્ય જોઈએ ત્યાં જવા

* શંકા : જો બ્રહ્મલોકમાં આત્મદર્શન
  સ્પષ્ટ સંભવ છે તો શા માટે

  - બ્રહ્મલોકની પ્રાપ્તિ ન કરવી?

* સમાધાન : બ્રહ્મલોકની પ્રાપ્તિ

  - ગહન કર્મ અને કઠિન ઉપાસનાથી
  - પ્રાપ્ત થાય છે

* બ્રહ્મલોકમાં ગયા પછી ત્યાં વર્ષો સુધી

  - પુણ્યફળ ભોગવવા રોકાવું જ પડે
  - જ્યાં સુધી સમાપ્ત થાય નહીં
  - જ્યાં સુધી કલ્પનો અંત આવે નહીં
  - ત્યાં સુધી ત્યાં રોકાવું જ પડે

* આવા અતિ દીર્ઘ રોકાણ માટે

  - બ્રહ્મલોકમાં રહેવા કરતાં
  - મનુષ્યયોનિમાં ગુરુમુખે શ્રવણ કરી
  - અંતઃકરણ શુદ્ધ થતાં આત્મજ્ઞાન
  - પ્રાપ્ત કરવું સરળ છે કારણ કે
  - આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં
  - વિના વિલંબે - તત્કાળ મોક્ષ સંભવ છે

## ઉપનિષદનું આહ્વાન

* સ્વર્ગોમાં - આત્માનુભૂતિ

  - નીચા સ્વર્ગો - અસ્પષ્ટ
  - ઉચ્ચ સ્વર્ગો - સ્પષ્ટ

* આ જીવનમાં તે કરો - પરંતુ જો ન કરી શકો

  - આવતા ભવમાં શક્ય - ઉચ્ચ સ્વર્ગમાં
  - ત્યાં આત્મજ્ઞાન પામી શકો

* પણ બ્રહ્મલોકની પ્રાપ્તિ માત્ર

  - અત્યંત વિશેષ પુણ્ય અને શુદ્ધિ દ્વારા
  - બહુ સરળતાથી પ્રાપ્ત નહીં

* તેથી આત્મદર્શન પ્રાપ્ત કરવું જોઈએ

  - અહીં અને અત્યારે
  - દેવલોકમાં કઠિન

* તેથી મહાન પ્રયત્ન કરો

  - આ ભવમાં - અહીં અને અત્યારે
  - બીજા ભવની પ્રતીક્ષા ન કરો

* ખબર નથી કયો ભવ

  - વિલંબ ન કરો - પ્રમાદ નહીં
  - ખબર નથી ક્યારે દેહ પડશે

* સખત મહેનત કરો

  - મહાન અને સત્ય પુરુષાર્થ
  - અનુભૂતિ અહીં વધુ સરળ અને સ્પષ્ટ છે

* આ ઉપનિષદનો આહ્વાન છે

  - અહીં અને અત્યારે કરો
  - ઢીલાશ ન કરો

## શ્લોક - ૬

## ઈન્દ્રિયથી પોતાને ભિન્ન જાણી - શોકને પાર

### ઈન્દ્રિયોથી આત્માની ભિન્નતા જે જાણે છે

* આપણી અંદર બિરાજમાન
- શાશ્વત - કૂટસ્થ સત્ - આત્મસ્વરૂપથી
- ઈન્દ્રિયો સ્પષ્ટપણે ભિન્ન છે

① ઈન્દ્રિયો કેટલાં કારણોમાંથી ઉત્પન્ન
- જ્યારે આત્મા કારણરહિત
- સ્વાભાવિક તત્ત્વ છે - અજન્મા અનાદિ

* ઈન્દ્રિયો ઉત્પન્ન થયેલી
- સક્રિય અને વિષયભોગ કરનારી છે
- આત્મા અક્રિય / નિષ્ક્રિય છે

* ઈન્દ્રિયો સુષુપ્તકાળે લય પામનારી
- જાગૃતાવસ્થામાં ઉદય પામનારી છે
- આત્મા ઉદય / અસ્ત વગરનો છે

* દેહેન્દ્રિયના જન્મ પહેલાં પણ
- આત્મા હતો - કદી અભાવ નહોતો
- મૃત્યુ પછી પણ અભાવ થતો નથી

* ઈન્દ્રિયો ઉત્પન્ન અને લય થાય
- ૫ ઈન્દ્રિય અને મન
  ગાઢ નિદ્રા ... સ્વપ્ન ... જાગૃત
  છએ જાય ... પાંચે જાય ... છએ રહે

② પાંચ વિભિન્ન ઈન્દ્રિયો પણ
- એકબીજાથી ભિન્ન છે - કર્મમાં, ધર્મમાં, ભોગમાં
- સ્વભાવ ભિન્ન - માત્ર મર્યાદિત શક્તિ

* પાંચે જ્ઞાનેન્દ્રિય તેના પાંચ વિષયોને
- ભિન્ન ભિન્નરૂપે ગ્રહણ કરે છે
- દા.ત. આંખ - કાન - નાક - જીભ - ત્વચા
  રૂપ   શબ્દ   ગંધ   સ્વાદ   સ્પર્શ

* પ્રત્યેક ઈન્દ્રિય - પોતપોતાના વિષયગ્રહણ
- આત્મા તે સર્વથી અસંગ
- માત્ર જાણનારો - ભોક્તા નથી

* ઈન્દ્રિયોના કર્મમાં - ભોગમાં
- આત્મા સાક્ષીરૂપે માત્ર જાણે છે
- ભિન્ન રહે છે

### તે ધીરપુરુષ શોક કરતો નથી

* આમ, ઈન્દ્રિયો પોતે તો સ્વયં ભિન્ન છે
- ભિન્ન કારણોમાંથી તે ઉદય / અસ્ત — ઉત્પન્ન લય થાય છે

* જ્યારે આત્મા
- અજન્મા - અમર છે
- માત્ર સાક્ષીરૂપ - જ્ઞાનસ્વરૂપ છે

* જે વિવેકી પુરુષ ઈન્દ્રિય / આત્માનો ભેદ જાણે છે
- તે કદી શોક કરતો નથી
- દુઃખ કે શોકનું કોઈ અસ્તિત્વ જ નથી

* તે સદા માટે તમામ દુઃખોથી પરે જાય
- દુઃખોના સાગરને તરી જાય છે
- અસંગ સાક્ષીરૂપ આત્મામાં લીન રહે છે

* સમજીને / ભાન થતાં
- ઈન્દ્રિયોની આત્માથી ભિન્નતા
- વિવેકી તેમાં એકત્વ / તાદાત્મ્ય કરતા નથી

* એકત્વના અભાવમાં
- ૫ ઈન્દ્રિય - કોઈ શારીરિક પીડા ન અનુભવાય
- મન - માનસિક / ભાવનાત્મક પીડા ન અનુભવાય

* કોઈ પણ કર્મકૃત પરિસ્થિતિ
- સાક્ષી રહે સહભાગી નહીં
  તેનાથી પ્રભાવિત ન થાય
- દા.ત. કષ્ટ દુઃખ
  દા.ત. સ્ફટિક રંગાયેલું લાગે
  પરંતુ તેનાથી પ્રભાવિત નહીં

* ભિન્નપણે જાણે - તાદાત્મ્યપણે નહીં
- તેથી ચેતના શાંત / સ્થિર રહે
- દુઃખી થતા નથી - શોકની પાર જાય

* ઈન્દ્રિયો ચલિત - ભોગ તરફ દોરે
- ઘણી ઊર્જાનો વ્યય - બ્રહ્મ માટે ઊર્જા નહીં
- સુખ પણ અનિત્ય - તેથી ચંચળતા, મલિનતા

* વિવેકી વિષયોમાંથી ઉપયોગ ખેંચે
- દા.ત. કાચબાની જેમ અને
- તેમાં એકત્વ / તાદાત્મ્ય / ગૂંચવાય નહીં

## પ્રવચન-૩ તા. ૨૯-૧૨-૨૨ સવાર

### જનરલ

### પશુ - દેવ - મનુષ્ય

* મનુષ્યયોનિની એક વિશેષતા છે
  - મધ્યમાં છે - ચાર રસ્તા
  - નીચે નરક - ઉપર દેવતા - બન્નેમાં જઈ શકે
    પશુ
* નીચે દુઃખ - ઉપર સુખ
  - એકલું દુઃખ - દુઃખમુક્તિની આશા નહીં
  - એકલું સુખ - મુક્ત થવાની ઈચ્છા નહીં
* મધ્યવર્તી જ - ક્રાંતિકારી બની શકે
  - દુઃખનો બોધ - સુખની આશા છે
  - દુઃખની પ્રતીતિ - સુખનું સ્વપ્ન હોય

* ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ ક્રાંતિકારી
  - દા.ત. ગાંધીજી, પંડિત નહેરુ, શ્રી અરવિંદ
    જેઓ પાછા ફર્યા - પશ્ચિમમાં શિક્ષિત થઈને
  - ભાન થયું અને સ્વતંત્રતા ઈચ્છી
* નેતાજી સુભાષચંદ્રએ સંસ્મરણોમાં લખ્યું
  - જ્યારે ગોરાઓને પોતાનાં જૂતાં પૉલિશ કરતાં જોયા
  - ગુલામ હોવું અનિવાર્ય નથી - સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકાય

* દેવો - ભૌતિક સુખ - મોક્ષ કોશિશ નહીં
  - પરિવર્તન ન જોઈએ - ક્રાંતિ નહીં
  - દા.ત. તેથી અંગ્રેજોએ મંત્રીમંડળમાં સ્થાન આપ્યું -
    સંતુષ્ટ - ક્રાંતિ નહીં
* સુખી - રૂપાંતરણ ન જોઈએ
  - તેથી દેવો - અપ્સરામાં વ્યસ્ત
  - મોક્ષની સાધના નહીં - મુક્ત થતો નથી
* પશુ - મોક્ષની કોશિશ નહીં - નરક અતિશય દુઃખી
  - મૂર્ચ્છા સઘન છે - સુખની આશા નહીં
  - તેથી ક્રાંતિ નહીં

* દુઃખ કે સુખની અતિશયતામાં
  - ઝંખના / પુરુષાર્થ થતો નથી
  - મનુષ્ય - રૂપાંતરણ માટે ઝંખે
* અનુભવે - તેથી ઝંખે
  - દુઃખની પીડા - સુખમાં કંટાળો
  - દા.ત. ચંદ્ર - સમાચાર - કંટાળ્યા

### અંતરસુખ તો હમણાં જ

* સુખ દુઃખ - બન્ને ઉત્તેજના છે
  - બન્નેમાં મન વિચલિત - કંપિત
  - આનંદનો સાધક = બન્ને ઉત્તેજનાથી મુક્તિ ઈચ્છે
* સુખમાં - એટલી ઉત્તેજના
  - લોકો મરે - દા.ત. હૃદયહુમલાથી મૃત્યુ
    દા.ત. ગરીબોમાં નહીં
  - અચાનક સુખથી આઘાત પહોંચે - દા.ત. ૧૦ કરોડ લૉટરી

* સુખ - તીવ્ર ઉત્તેજના - પ્રિય
  - પરમાત્માનું વિસ્મરણ થાય
  - દુઃખમાં તો હજી યાદ
* ભક્ત - દુઃખ ઈચ્છે (જુનૈદ કુંતી)
  - જેથી છૂટવાની ભાવના થાય
  - પરમાત્માનું સ્મરણ રહે

* જો સમજી જાય કે
  - સુખની પાછળ દુઃખ છે
  - તો સત્સુખનો પ્રયત્ન થાય
* મનુષ્યયોનિમાં ત્રણ માર્ગ ખૂલે -
  - દુઃખ - સુખ - મુક્તિ
  - પરિભ્રમણ કે મોક્ષ
* જો મોક્ષપુરુષાર્થ ચૂકી જાય તો
  - પાછી મનુષ્યયોનિ ક્યારે મળશે
  - ચાર રસ્તા પર ચૂકી જાય
* દા.ત. દિલ્લી કેટલી દૂર છે
  - તે આધાર રાખે છે - જ્યાં મુખ ત્યાંથી
  - બહુ દૂર - જો બદલો તો બહુ પાસે છે
* મનુષ્ય તેજીથી ઝડપથી ભાગ્યા કરે છે
  - જો સંજોગો - બહિર્મુખ - ખૂબ સમય
  - જો આત્મા - અંતર્મુખ - અધુના
* જીવન્મુક્ત - વિદેહમુક્ત
  - હમણાં - જીવતાં છતાં મુક્ત
  - દેહ છોડ્યા પછી સિદ્ધશિલા પર

## શ્લોક - ૭, ૮

## સર્વથી ભિન્ન - જાણીને મુક્ત / બ્રહ્મપ્રાપ્તિ

### ઉત્તમ અને ભિન્ન

* આ બે મંત્રનું પ્રયોજન

  - અંતર્યાત્રામાં સાધક ઇન્દ્રિય - મન - બુદ્ધિથી પરે જઈ
  - 'પુરુષ'ને પામી જીવન્મુક્ત થાય છે

* જેમ ભીતરથી બહાર - તેમ બહારથી ભીતર

  - દા.ત. ધરમપુર આવવું - રસ્તો એક - દિશા
  - દા.ત. સીડી ઊતરો - સીડી ચઢો - દિશા
  - દા.ત. બરફ - પાણી - વરાળ = ગરમ કરવું
    વરાળ - પાણી - બરફ = ઠંડું કરવું
  - ઊલટી યાત્રા કરવાની છે

* ઇન્દ્રિયોથી આત્મા સુધી સરકવાનું છે

  - જે ઉપયોગ ઇન્દ્રિય સુધી ગયો છે
  - તેને ક્રમથી ઇન્દ્રિયોથી પાછો વાળવાનો છે

* તો જ તેને

  - મુક્તિ - અમરત્વ - સુખ - શાંતિ પ્રાપ્તિ
  - તે માટેનો ક્રમ અહીં સમજાવ્યો છે

* મંત્ર ૭ અને મંત્ર ૮નો પૂર્વાર્ધ

  - નિર્દિષ્ટ બાબતોની વિસ્તૃત ચર્ચા
  - અધ્યાય ૧ - વલ્લી ૩ (પર્યુષણ) કહેવાઈ ગયું છે - તેથી સંક્ષેપમાં

* અહીં શબ્દ 'પરમ્' છે - જેનો અર્થ છે

  - ઉત્તમ અથવા સૂક્ષ્મ
  - સ્થૂળ દેહ કરતાં ઇન્દ્રિયો
  - ઇન્દ્રિય કરતાં મન
  - મન કરતાં બુદ્ધિ
  - બુદ્ધિ કરતાં શુદ્ધાત્મતત્ત્વ (સ્વરૂપ)

* દા.ત. ઘોડા - લગામ - સારથિ - રથિનમ્-સ્વામી
  ઇન્દ્રિયો - મન - બુદ્ધિ - આત્મા
  - શરીર રથ છે

* પુરુષ - પરમાત્મા - શુદ્ધાત્મસ્વરૂપ

  - સર્વવ્યાપક અને અલિંગ છે
  - તે જાણ્યે શું થાય તે મંત્ર ૮ના ઉત્તરાર્ધમાં બતાવ્યું છે

### અલિંગ - સર્વવ્યાપક = જાણીને મુક્ત / બ્રહ્મપ્રાપ્તિ

* સર્વવ્યાપક - ①

  - શ્રેષ્ઠ - સૂક્ષ્મ - વ્યાપક - ઉત્તમ
  - સર્વવ્યાપક

* અલિંગ - ②

  - કોઈ પણ ચિહ્ન કે નિશાન નથી
  - દા.ત. ધુમાડાથી અગ્નિનું અનુમાન

* કોઈ ભૌતિક એંધાણ નહીં

  - જે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ થઈ શકે
  - લિંગરહિત, રંગરહિત
  - સ્ત્રી, પુરુષ ન કહી શકાય
  - લાલ કે ભૂરો ન કહી શકાય
  - કોઈ ભૌતિક ગુણધર્મો નહીં

* <u>તેનો અર્થ એમ નથી થતો કે તેનું અસ્તિત્વ નથી</u>

  - કે ગ્રહણ ન થઈ શકે કે અનુભવી ન શકાય
  - તે સ્વયંપ્રકાશક છે - ગ્રહણ કરવા સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ

* જેને જાણીને જીવાત્મા / જીવધારી મનુષ્ય

  a) જીવન્મુક્ત થઈ
  b) અમૃતમય બ્રહ્મને પામે છે / બ્રહ્મ બની જાય છે

* શાસ્ત્ર / ગુરુની મદદથી

  - તે ગ્રહણ કરી શકાય
  - શુદ્ધ - શાંત - સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા

* અપરોક્ષાનુભૂતિ થતાં -

  - હૃદયગ્રંથિના બંધનથી મુક્ત થશો
  - અને અમરત્વ પામશો

* જીવધારી - દેહધારી હોવા છતાં મુક્ત

  - જીવતાં છતાં - મુક્તિ અહીં અને અત્યારે
  - હવે પુનર્જન્મ નહીં

* મૃત્યુ પછી - વિદેહમુક્તિ

  - અમૃતમય બ્રહ્મને પામે છે
  - હું બ્રહ્મ છું - એમ અનુભવે

## શ્લોક - ૯

## અલિંગ આત્માનું દર્શન કઈ રીતે થાય

### ચક્ષુથી નહીં - સૂક્ષ્મ બુદ્ધિથી - અમર બને

I)

* ચક્ષુ વગેરે જ્ઞાનેન્દ્રિયનો વિષય નથી
  - 'ચક્ષુ' - તમામ જ્ઞાનેન્દ્રિયના પ્રતીક
  - તરીકે ઉપયોગમાં લેવાય છે
* ચર્મચક્ષુથી જોઈ શકાતું નથી
  - જ્ઞાનેન્દ્રિયથી આત્માને જાણી શકાય નહીં
  - આત્મા ઇન્દ્રિયગમ્ય નથી
* ઇન્દ્રિયો આત્મદર્શન માટે અસમર્થ છે
  - ભૌતિક ચર્મચક્ષુ આત્માને ન જોઈ શકે
  - અન્ય ભૌતિક પદાર્થોની જેમ આત્માને ન જોઈ શકે
* આત્માને કોઈ રૂપ કે આકાર તરીકે ન જોઈ શકાય
  - ન ગ્રહણ કરી શકાય
  - આંખો, કાન, ગંધ, રસ, સ્પર્શ દ્વારા

II)

* પ્રશ્ન થાય કે જો આત્મદર્શન
  - ઇન્દ્રિયોથી અસંભવ છે
  - તો આત્મદર્શન થાય કઈ રીતે
* આત્મા વાચાતીત - અવર્ણનીય હોવાથી
  - મન - બુદ્ધિ - વાણી પણ તેને
  - જાણી શકે તેમ નથી

* તાત્પર્ય સમજવું કે
  - સ્થૂળ બુદ્ધિ દ્વારા આત્મદર્શન અસંભવ
  - માત્ર સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા પમાય
* શાંત - શુદ્ધ - સૂક્ષ્મ બુદ્ધિથી
  - બ્રહ્મદર્શન શક્ય છે
  - આત્મા સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા ઉપલબ્ધ થાય
* જે બ્રહ્મદર્શન કરે - અમર થાય છે
  - અમરત્વ પામે / જન્મમરણથી મુક્ત
  - તેનો અર્થ એમ નહીં કે સદા માટે શરીરમાં રહેશે - મૃત્યુનો કોઈ ભય નહીં
* મનન - નિદિધ્યાસન કરવાથી
  - શ્રવણ, ચિંતનથી પરે ભાસન કરી
  - અંતે વેદન - અપરોક્ષાનુભૂતિ કરે છે

### મનન / નિદિધ્યાસનથી - ધ્યાન

* મનન - પુનરાવર્તન ચિંતન - મૌલિક
  - ઉધાર નહીં - પરંતુ સ્વવિચારણા
  - તો પ્રતીતિ બને
* આજ્ઞા નહીં - સ્વવિવેક પ્રગટે
  - તમારી પ્રતીતિ - તમારી માન્યતા
  - મુખપાઠ બધું ખરી પડે
* પરંપરા કુળધર્મ - લોકસંજ્ઞાના કારણે નહીં
  - અંતરશોધ - અંતરઝંખનાના કારણે
  - આંખ ખૂલી જાય સત્ય પ્રત્યે
* નિર્ભય - ઉત્સાહી - ઉદ્યમી
  - ચિંતનની ભૂમિકા સુધી પહોંચે
  - પછી પ્રયોગ દ્વારા વેદનની

* ઔષધ - વિચાર, ધ્યાન
  - દા.ત. ગાડી - ઘર સુધી - ઘરમાં
  - ભાસન - વેદન થાય
* જ્ઞાયકભાવને પ્રવૃત્તિમાં પણ સંભાળે
  - દા.ત. ગર્ભવતી સ્ત્રીની જેમ
  - નિરંતર સ્મરણ - જાગૃતિ
* આનંદઘનજી - કબીરજીએ કહ્યું
  - દા.ત. પનિહારીનું ધ્યાન - સજગતા મહાત્મા બુદ્ધ
  - ગુરુ નાનકે કહ્યું સુરતિ - સ્મૃતિ સતત રાખવી
* ધ્યાન - સવારની બેઠક નહીં - પરંતુ
  - આખો દિવસ સ્મરણ ધૂન ચાલે - ભીતર ચાલ્યા કરે
  - અંતરંગ વિશુદ્ધિનું - ફળ છે - નિયમ નહીં
* જેમ જેમ હોશ વધશે - હોશપૂર્ણ થશો
  - વાસનાની પકડથી મુક્ત
  - ઉદયમાં તટસ્થ - પૂર્વસંસ્કાર નષ્ટ
* જાગૃતિ ઊંડી થાય
  - પરિણામે અમૃતતત્ત્વ અનુભવે
  - કેવળજ્ઞાન પામે - અફર પ્રયત્નશૂન્ય

## શ્લોક - ૧૦

## કઈ સ્થિતિને પરમગતિ કહેવાય?
## પરમ અવસ્થા કઈ રીતે પમાય?

### ઈન્દ્રિય મન થંભે

* પરમગતિ - સમાધિ અવસ્થા
  - આત્મદર્શન કે પરમગતિનો અધિકારી કોણ
  - તાદશ્ય ચિત્ર - અહીં ઉપસાવવામાં આવ્યું છે
* પ્રસ્તુત મંત્રમાં સમજાવ્યું છે કે
  - સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા બ્રહ્મદર્શન સંભવ હોય
  - તો તેવી સૂક્ષ્મ બુદ્ધિ પ્રાપ્ત થાય કઈ રીતે?

---

* જ્ઞાનાનિ નો અર્થ - જ્ઞાન નહીં - પરંતુ ઈન્દ્રિયો
  - જ્યારે જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય પોતાના વિષયભોગનો
  - વ્યાપાર બંધ કરે છે
* ઈન્દ્રિયોનો સ્વભાવ છે કે જેમાં
  - રાગ ત્યાં દોડે - દ્વેષ ત્યાંથી દોડે
  - ઈન્દ્રિયોની દોડ નિરંતર ચાલુ રહે છે
* જ્યાં સુધી ઈન્દ્રિયવિષય વ્યાપાર ચાલુ હોય
  - ત્યાં સુધી મન પણ પાછળ ખેંચાઈ
  - દોડાદોડ કરતું રહે છે
* તેથી મન વિક્ષિપ્ત રહે છે
  - ઈન્દ્રિયોનું નિયમન થતાં મનની
  - ૯૦% પ્રવૃત્તિ ઘટી જાય છે
* પછી માત્ર સ્મૃતિઓ અને કલ્પનાઓનું જ
  - નિયમન થતાં મન સહિત
  - તમામ જ્ઞાનેન્દ્રિય વિરમી જાય છે

---

* તેથી કહ્યું - ज्ञानानि मनसा सह
  - જ્ઞાનેન્દ્રિય મન સાથે સ્થિર / વિરમે છે
  - મન જ્યારે બહિર્મુખતા છોડી અંતર્મુખ થાય છે
* તેવા અંતર્મુખી મનમાં સંકલ્પવિકલ્પોનો
  - અભાવ થાય - વિક્ષેપ શાંત થાય
  - એકાગ્રતાની વૃદ્ધિ થાય
* ત્યારે બ્રહ્મદર્શનનો અધિકારી થાય
  - પરંતુ માત્ર ઈન્દ્રિય - મન વિરમે તેટલું
  - પૂરતું નથી - બુદ્ધિની ચેષ્ટા પણ બંધ થવી જોઈએ

### બુદ્ધિ પણ - પરમગતિ પ્રાપ્ત

* જેની પાસે વિવેકબુદ્ધિ હોય તે
  - મનને વિષયદોડથી અટકાવે / થંભાવે છે
  - મનની ચંચળતા / વિક્ષેપ શાંત કરવામાં વિવેકબુદ્ધિ મહત્ત્વની
* વિવેકબુદ્ધિ દ્વારા મન ઉપર નિયંત્રણ થાય ત્યારે
  - શમ = વિકલ્પોનું શાંત થવું
  - દમ = ઈન્દ્રિયોનું નિયમન / નિયંત્રિત થવું
* મન - ઈન્દ્રિયો ઉપર નિયંત્રિત થતાં
  - પોતપોતાના વ્યાપારથી નિવૃત્ત થઈ / શાંત થઈ
  - આત્મામાં એકાગ્ર બને છે

---

* પછી બુદ્ધિ કોઈ પણ ચેષ્ટા કરતી નથી
  - ચેષ્ટાશૂન્ય બુદ્ધિ જ સૂક્ષ્મબુદ્ધિ છે
  - આવી બુદ્ધિવાળો આત્મદર્શનની ચેષ્ટા પણ કરતો નથી
* બુદ્ધિ જ્યારે કોઈ ચેષ્ટા કરે નહીં
  - તેનું કાર્ય કરતી પણ થંભી જાય
  - શાંત થઈ જાય - બિલકુલ ધબકતી ન હોય
* ત્યારની અવસ્થાને પરમ અવસ્થા
  ત્યારની સ્થિતિને પરમ ગતિ
  - આત્માનુભૂતિ - અપરોક્ષાનુભૂતિ
  - તરીકે શ્રુતિ ઓળખાવે છે

---

* અંતિમ ધ્યેય / ગંતવ્ય પ્રાપ્ત
  - ઈન્દ્રિય - મન - બુદ્ધિનો નિરોધ થતાં
  - અનુશાસન - સત્સંગઘોલન - ધ્યાન
    ઈન્દ્રિય મન બુદ્ધિ
    નિરોધ

a) જ્યારે ઈન્દ્રિયો અને મન
  - ભટકે નહીં, પદાર્થો પાછળ ભાગે નહીં પરંતુ
  - સ્થિર - શાંત - વિરામ - એકાગ્ર બને

b) જ્યારે બુદ્ધિની પ્રવૃત્તિ પણ અટકે
  - અહં બ્રહ્માસ્મિ - જે માનસિક પ્રવૃત્તિરૂપે શરૂ થયું હતું
  - જીવંત અનુભવ બને
    બ્રહ્મમાં રમણતા - પ્રયત્ન વિના

---

* પથ્થર સમાન સ્થિર - સ્વરૂપસ્થિતિ
  - પરમ અવસ્થા પ્રાપ્ત
  - માત્ર શુદ્ધ ચૈતન્ય રહે - વિચારો / લાગણીઓ વિના
    કેવળ ચૈતન્ય રહે - શુદ્ધભાવમાં

* જેમ જેમ અંતઃકરણ શુદ્ધ થાય
  - ઈન્દ્રિય દ્વારા વહેતી ઊર્જા
  - વ્યર્થ વ્યય નહીં થાય
* જો ઊર્જા સ્વયં તરફ
  - ઉપયોગ અંતર્મુખ
  - સ્વરૂપ સન્મુખ - સ્થિર થાય
* ઈન્દ્રિયો
  - ધ્યાન ચલિત - પ્રવૃત્તિમાં રાચે
  - બ્રહ્મસાક્ષાત્કાર માટે ઊર્જા નહીં
* વિવેકી ઉપયોગ ખેંચે
  - દા.ત. કાચબાની જેમ
  - એકત્વ / તાદાત્મ્ય / ફસાય નહીં

---

* એક ઈન્દ્રિય ઓછી - શક્તિ સંક્રમિત થાય
  - દા.ત. અંધ સામાન્ય વ્યક્તિ કરતાં સારો સંગીતકાર
* દા.ત. હેલેન કેલર
  - અંધ - બહેરી - મૂંગી
  - સમસ્ત ઊર્જા હાથ દ્વારા
  - વ્યક્તિઓને સ્પર્શ કરી ઓળખી શકે
  - એકવાર સ્પર્શ - ૧૦ વર્ષ પછી પણ
  - હાથ - અત્યંત સંવેદનશીલ
* વિજ્ઞાન પણ માને છે
  - ઊર્જાનું સંક્રમણ
  - એક દ્વારથી બીજામાં

* યોગ કહે
  - જ્યારે ભીતર વળે
  - દિવ્ય અનુભૂતિ
  - સુગંધ / ધ્વનિ / દૃશ્ય
* કબીરજીએ કહ્યું
  - ઈન્દ્રિયાતીત અનુભૂતિમાં
  - દા.ત. ૧૦૦૦ સૂર્ય એકસાથે ઉદિત થયા હોય
* બધી ઈન્દ્રિય ઊર્જા
  - ભીતર વળે - દિવ્ય અનુભૂતિ
  - નિજાનંદની મસ્તી
* તે મસ્તીમાં - પરમ ભોગમાં
  - બહારનું બધું ફિક્કું
  - વ્યર્થ ભાસે

# પ્રવચન-૪ તા. ૨૯-૧૨-૨૨ બપોર

## જનરલ

### અક્રિયામાં સ્થિર - આનંદ પ્રાપ્ત

* જ્યારે સર્વ ક્રિયા અટકી જાય
  - શરીર - ઇન્દ્રિય - મન - બુદ્ધિ
  - હલનચલન / કંપન / ચેષ્ટા નહીં
* જ્યારે સંપૂર્ણ અક્રિય બને
  - ન કરવાપણું કે ન બનવાપણું
  - હોવાપણાનો અનુભવ
* તેને પરમગતિ કહેવાય છે
  - જ્યાં ગતિ અટકી જાય છે
  - ગતિ હોય ત્યાં સુધી દુર્ગતિ કહેવાય

---

* સ્વભાવ - માત્ર ઉદ્‌ઘાટિત - ઉપલબ્ધિ નહીં
  - દા.ત. પડદો ખેંચવાનો છે
  - દા.ત. ઝરણાં ઉપર પથ્થર - હટાવવાનો છે
* આત્માનો સ્વભાવ છે - સચ્ચિદાનંદ
  - કંઈ કરવાથી પ્રાપ્ત નહીં થાય
  - અક્રિયાથી પ્રાપ્ત / પ્રગટ થાય છે

---

* સર્વ ધ્યાનપ્રયોગમાં - ક્રિયા (ડાઇનૅમિક મેડિટેશન)
  - જેથી તમે થાકો
  - શરીર - મન - બુદ્ધિ અટકી જાય
* ધ્યાનપ્રયોગનાં આગલાં ચરણ
  - તૈયારી છે
  - અક્રિય સ્થિતિમાં સરવા માટે

---

* જ્યારે શરીર - મન - બુદ્ધિની ક્રિયા અટકે
  - સ્વરૂપ સાથે અનુસંધાન થાય
  - દા.ત. રેડિયો - ટ્યૂનિંગ - સંગીત શરૂ

---

### ઉપલબ્ધિ અટકવાથી

* સંસારમાં દોડીને ઉપલબ્ધિ થાય છે
  - પરમાર્થમાં અટકીને ઉપલબ્ધિ થાય છે
  - જે સ્થિર થયો - તે પહોંચ્યો છે
* ભૌતિક પ્રાપ્ત કરવા - ચેષ્ટા કરવી પડે
  - પરમાત્મા પ્રાપ્ત કરવા
  - ચેષ્ટારહિત થવું પડે
    (પસંદગીશૂન્ય પ્રયત્નશૂન્ય જાગૃતિ)

---

* પ્રયાસ કરનાર ડૂબે છે
  - દા.ત. નદીમાં પ્રયાસ - ડૂબે
  - જીવિત - મડદું - ઉપર આવે
  - નદીમાં ડૂબવાનું કારણ
  - નદી નથી - આપણી ચેષ્ટા છે
  - નિશ્ચેષ્ટ (મડદું) તો તરવા લાગશો

---

* ધર્મ - અચાહ, પ્રયાસરહિત
  - ચાહના, પ્રયાસ, પસંદગી, પ્રયત્ન - સંસારપથ
  - અચાહ, અપ્રયાસ - મોક્ષપથ

## શ્લોક - ૧૧

## સાચો યોગ શું છે?

### યોગ શું છે?

* અંતરમાં ઊતરવા માટેની

- પ્રક્રિયા - સાધના - પદ્ધતિ
- તેનો આ મંત્રમાં નિર્દેશ છે

* યથાર્થપણે થાય તો

- ઐશ્વર્ય પ્રગટ
- દુઃખનો વિયોગ થાય

* યોગ = આત્મસ્થિરતા

- જ્યાં અક્રિયતા છે
- શરીર ઇન્દ્રિય - મન - બુદ્ધિ (બી. એમ. આઈ.)

* યોગનું પ્રયોજન - સાચું હોવું જોઈએ

- સ્વરૂપસ્થિરતા - બીજું કાંઈ નહીં
- દા.ત. વિશ્વામિત્ર - ગાય - વસિષ્ઠ

* દેહ તાદાત્મ્યતાથી

- આદિ-અંતવાળો માને - દેહનો ધર્મ છે
- આત્મા તો અનાદિ અનંત છે

* ઇન્દ્રિય તાદાત્મ્યથી

- કર્તાભોક્તા માને - ઇન્દ્રિયનો ધર્મ છે
- આત્મા - પરનો અકર્તા અભોક્તા છે

* મન તાદાત્મ્યતાથી

- સુખી દુઃખી છું - મનનો ધર્મ છે
- આત્મા તો સદા અસંગ છે

* યોગાવસ્થાની - સ્થિતિ તો

- દેહ - ઇન્દ્રિય - મનની પરે જઈ
- સ્વરૂપસ્થિતિ (પ્રવૃત્તિશૂન્ય)

* ઇન્દ્રિયમનની વ્યાપારશૂન્ય સ્થિતિ

- અચળ - સ્થિતિ સ્થિતિ = ઇન્દ્રિયધારણા
- स्थिराम् इन्द्रियधारणाम्

### નિરંતર અભ્યાસ

* अप्रमत्तः तदा भवति

- પ્રમત્ત = ઇન્દ્રિયોને વિષયદર્શન માટે પ્રવૃત્ત કરવી
- અપ્રમત્ત = ઇન્દ્રિયો વિષયદર્શનથી મુક્ત ॥ ચિત્ત શાંત હોય

* પ્રમાદી તેને કહેવાય

- વ્યાપારમાં રત - ભોગમાં આસક્ત
- મન વિક્ષિપ્ત = બહિર્મુખી હોય

* અપ્રમાદી તેને કહીએ

- પ્રમાદરહિત હોય - ઇન્દ્રિય, મન, બુદ્ધિ ચેષ્ટાશૂન્ય હોય
- તે જ આત્મદર્શનનો અધિકારી છે

* યોગ વિકાસ / ક્ષીણતાને આધીન છે

- ઉદય-અસ્ત તેથી
- દૃઢતાથી અભ્યાસ કરો

* આત્મામાં ઉદય-અસ્ત નથી

- પરંતુ યોગજન્ય સમાધિમાં ઉદય / અસ્ત
- તેથી અભ્યાસમાં અપ્રમત્ત રહેવું

* યોગ ઉદય-અસ્તવાળો હોઈને

- દૃઢ અભ્યાસ
- અપ્રમત્ત જાગૃતિ

* સતત ચોટ લાગવાથી

- દા.ત. પથ્થર પણ રેતી બની જાય
- દા.ત. નિરંતર ઘસાય દોરી - કાપા

* જ્યાં સુધી ધ્યાન - શ્વાસરૂપ ન બને

- સતત ચાલતું રહે - પ્રયત્ન વિના
- ત્યાં સુધી શ્રદ્ધા / નિષ્ઠા - પ્રયત્ન

* વારંવાર આ સ્થિતિ પ્રાપ્ત થયે

- પરમ અવસ્થા પ્રાપ્ત
- પ્રયત્નશૂન્ય અવસ્થા પ્રાપ્ત

* સહજ સમાધિ રહે - પરમ અવસ્થા

- ત્યાં સુધી નિરંતર અભ્યાસ
- જ્યાં સુધી પ્રયત્નશૂન્ય ન પ્રાપ્ત

* ઉદય-અસ્ત વિનાની સ્થિતિ

- અપ્રતિપાતી યોગ
- ત્યાં સુધી પ્રમાદરહિત અભ્યાસ કરવો

## શ્લોક - ૧૨, ૧૩
## અસ્તિથી અસ્મિની યાત્રા (સાધનાનું સ્વરૂપ)

| ગ્રહણ ન થઈ શકે - શબ્દો, મન, આંખો દ્વારા | બે પગથિયાં |
|---|---|
| a) આત્મા વાચાતીત છે<br>- માટે આત્મા વાણીનો વિષય નથી<br>- વાણી - ન વર્ણવી શકે<br>- જાણે પણ જણાવી શકાય નહીં<br>* અવર્ણનીય છે<br>- તમે રાજી થાઓ છો - કારણ કે પહેલાંથી<br>- તમે માનો છો - તેથી વાત બેસે છે<br>* દા.ત. કમ્પ્યૂટરમાં ભર્યું - પાછું આવે<br>- તેમ પહેલાંથી જે જાણો - તેને વાગોળો | * સૌથી ઉચ્ચ મંત્ર<br>- આ આખા શાસ્ત્રમાં<br>- આ તમારા જીવનનું ધ્યેય હોવું જોઈએ<br>- અસ્તિથી અસ્મિની યાત્રા<br>* આત્માનુભૂતિ - બાહ્ય ઉપલબ્ધિ નથી<br>a) આંતરિક અનુભૂતિ છે<br>b) જ્યારે ઇન્દ્રિય અને મન પરાવૃત્ત થાય છે તર્કના પ્રયાસોનો અંત આવે છે<br>c) તમામ શક્તિઓ ભીતર એકાગ્ર થાય છે<br>d) અંતર્મુખ થયે અપરોક્ષાનુભૂતિ થાય છે |
| b) આત્મા અતર્ક્ય છે - તર્કનો વિષય પણ નથી<br>- અનુમાનજન્ય નથી તેથી<br>- મન પણ આત્માને જાણી શકે નહીં<br>* મન તેનું મનન કરી શકે છે<br>- જેને તમે જાણો છો<br>- જેને નથી જાણતા - તેનું મનન નહીં<br>* માત્ર સ્મૃતિની પુનરુક્તિ<br>- જે અજ્ઞાત - તેને મન વાગોળી શકે નહીં<br>- મનની પાર ગયા વિના તે જ્ઞાત નહીં<br><br>c) આત્મા અરૂપી હોવાથી<br>- ચક્ષુ પણ આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે નહીં<br>- ઇન્દ્રિયો દ્વારા ન ગ્રહણ કરી શકાય | * પ્રથમ પગથિયું - અસ્તિ<br>a) આત્માના અસ્તિત્વનો સ્વીકાર<br>b) હોવાપણાની પ્રતીતિ<br>* ચૈતન્ય અસ્તિત્વ ધરાવે<br>a) દેહ - ઇન્દ્રિય - મન - બુદ્ધિથી પરે<br>b) સર્વ ઉપાધિરહિત - નિરુપાધિક<br>c) નિર્વિકાર - શુદ્ધ - અસંગ<br>d) દેહાદિ સંયોગો - રાગાદિ વિકારોથી ભિન્ન<br>e) પૂર્ણ શુદ્ધ ચૈતન્ય<br>* તત્ત્વભાવે સ્વીકાર<br>a) કર્મકૃત ભાવોથી ભિન્ન<br>b) વિશુદ્ધ ચૈતન્ય - સાક્ષી માત્ર |
| **નિષ્કર્ષ**<br>* આમ, આત્માને ગ્રહણ કરવો શક્ય નથી<br>- શબ્દો - વિચારો - દૃષ્ટિ દ્વારા<br>- દા.ત. શબ્દો દૃષ્ટિ ઉપર કરી સૂર્યને જોવા પ્રેરિત કરી શકે - પરંતુ સૂર્યને પ્રગટ ન કરી શકે | * શાસ્ત્ર અને બ્રહ્મનિષ્ઠ ગુરુ થકી<br>- આંતરશુદ્ધિ વધારતાં જ્યારે તેના<br>- અસ્તિત્વનો સ્વીકાર થાય ત્યારે યાત્રાનો આરંભ થાય<br>* अस्ति इति - આત્મા છે<br>- હું વિદ્યમાન - ચૈતન્યમય અસ્તિત્વ તરીકે<br>-સર્વ અનુભવોમાં આ ચૈતન્યમય અસ્તિત્વનું ભાન કરો<br>* સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા સમજાય કે<br>- આત્મા છે અને સદાકાળ રહેશે<br>- તેને તેની પ્રાપ્તિ થાય છે<br>* આત્મા નથી - એ વિપરીત જ્ઞાન છે<br>- જેઓ કહે છે કે આત્મા નથી<br>- ચૈતન્યતા વિના તેમ જાણી / કહી કઈ રીતે શકે<br>દા.ત. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર - ગાથા ૫૮<br>- તેમનું આ કહેવું જ - અસ્તિત્વ સિદ્ધ કરે છે |

<u>અસ્તિત્વના સ્વીકારથી યાત્રા પ્રારંભ</u>

* બીજું પગથિયું - અસ્મિ
  - તેવો આત્મા તે હું છું
  - તેવો અંતરંગ સ્વીકાર
* શાસ્ત્ર અને ગુરુબોધ થકી
  - અસ્તિથી અસ્મિ
  - સમજણ અને જાગૃતિ
* આ શ્રદ્ધા સાધના તરફ દોરી જાય
  - અંતર્મુખતા જે
  - અનુભૂતિ તરફ દોરે

* આમ, પ્રથમ નિશ્ચયપૂર્વક ગ્રહણ
  - આત્માના અસ્તિત્વનો દૃઢ નિશ્ચય થવો જોઈએ
  - હાર્દિક પ્રતીતિ થવી જોઈએ
* તેમ થવાથી - તમે ખેંચાતા જશો
  - તમારો પ્રેમ બની જશે - રૂપાંતરણ થવા લાગશે
  - જીવન દાવ પર લગાવી દેશો
* તેની સાથે એકરૂપ / અનુભવ કરવા
  - પીગળવા લાગશો
  - સતત અનુસંધાન થવા લાગશે

<u>ખૂબ સાવધાની રાખવી</u>

* મનન અને નિદિધ્યાસન (ધ્યાન) દ્વારા
  - શુદ્ધાત્માની સતત જાગૃતિ
  - જીવંત અનુભવ તરફ દોરી જાય
* આમ, શાસ્ત્ર દ્વારા આત્માનું પરોક્ષજ્ઞાન કરી
  - નિદિધ્યાસનના બળે આત્માનું અપરોક્ષજ્ઞાન થાય છે
* જે અસ્તિત્વને સ્વીકારે
  અને પોતાને શુદ્ધાત્મા તરીકે ઓળખે
  - અનુભવી શકે - બ્રહ્મ તેઓને ઉપલબ્ધ છે

* નિત્ય સંભાળ જરૂરી છે
  - દા.ત. બીજ વાવો તો વૃક્ષ, ફૂલ, ફળ આવે
  - બીજ વાવી
* પથ્થર આવે - પક્ષી આવે - પવન આવે
  - તો ઊગવું મુશ્કેલ - સાવધાનીથી સંભાળ જરૂરી
  - ભાવ હજી નાનો છે - કોઈ તોડી ન જાય
* કુસંગ અને પ્રમાદથી સાવધાન
  a) નાસ્તિકો, વિલાસીઓનો સંગ ન કરવો
  b) તેના સંગનો રંગ લાગતાં વાર નહીં લાગે
  c) અભ્યાસ છૂટે - શ્રદ્ધા પણ છૂટી જાય
  d) સ્વરૂપાનુસંધાનમાં પ્રમાદ ન આવે
  e) ધ્યાનાભ્યાસની અખંડતા ન તૂટે
* જેણે બીજ વાવ્યું નથી - તેને કોઈ ભય નથી
  - જેણે બીજ વાવ્યું છે - તેણે ખૂબ જાગરૂકતા રાખવી
  - નિરંતર સાવધાન (સતર્કતા, સજગતા)
* બીજ નષ્ટ ન થાય
  - શ્રદ્ધા - મહિમા - અભ્યાસ છૂટી ન જાય

## શ્લોક - ૧૪

## અમર ક્યારે થવાય? ફળશ્રુતિ

### કામનાત્યાગથી

* હવે - ૨ મંત્રો દર્શાવે

  - આ જ્ઞાનનું ફળ
  ↓
  - તમારા સાચા સ્વભાવની સમજણ

* બધી ઈચ્છાઓ તમને છોડી જાય

  - તમારી સાચી માન્યતાના કારણે
  - તેઓ તમારાથી દૂર જાય

* તેને દૂર કરવાની જરૂર નથી

  - તે જતી રહેશે
  - ખરી જશે
  - સમ્યગ્જ્ઞાન / તત્ત્વજ્ઞાન / તત્ત્વભાવ પામ્યે

* ન નિયંત્રિત / નિગ્રહ

  - સાચા જ્ઞાનનો અભાવ દર્શાવે
  - સાચી સમજ → વૈરાગ્ય → અપરોક્ષાનુભૂતિ

* કામનાઓ શું છે?

  - સુખ પામવાની વૃત્તિ કારણ કે
  - જીવન દુઃખથી ભરેલું છે - તે મટાડવા

* બહારથી / સંયોગથી સુખી થવું છે

  - આ નાસ્તિકની / ભૌતિકવાદીની યાત્રા છે
  - કામનાપૂર્તિથી દુઃખ મટે

* આસ્તિકની માન્યતા છે કે

  - કામનાઓ મટે તો દુઃખ મટે
  - ભીતરના સુખની ખોજથી - કામના વિસર્જન

* ભીતરનો બોધ - તો બહારના રસ્તા પર

  - દોડાદોડ મટે
  - જેટલો ગહન - કામનાઓ ખરવાં લાગે

### અમરત્વની પ્રાપ્તિ

* શાસ્ત્રો જણાવે છે કે વાસનાઓનો ક્ષય

  - તે જ મોક્ષ કહેવાય - કારણ કે અતૃપ્ત વાસનાઓ જ પુનર્જન્મનું કારણ છે

* વાસનાના અભાવમાં - પુનર્જન્મનો પણ અભાવ થવાથી જન્મમૃત્યુનું ચક્ર સમાપ્ત થાય છે

  - આવાગમનના ફેરા મટે - તે જ મુક્તિ કહેવાય

* કામનાનો ક્ષય કેવી રીતે? ક્યારે?

  - જ્યારે સૂક્ષ્મ બુદ્ધિ કે દૃઢ વિવેક દ્વારા
  - ઈન્દ્રિયવિષયોનું અનિત્ય / અસારપણું સમજાય

* ત્યારે વિષયોનો ત્યાગ થાય

  - વાસનાઓને વિહાર કરવાનું મેદાન ન રહે
  - ત્યારે કામનાના સંસ્કાર નિવૃત્ત થાય છે

* નિષ્કામ અવસ્થા એ જ કૈવલ્યાવસ્થા છે

  - મનુષ્યદેહમાં આ જ જન્મમાં - મનુષ્યલોકમાં જીવતા છતાં
  - આ અવસ્થાએ પહોંચી શકાય છે

* મનુષ્ય આ જન્મમાં જ

  - ઐશ્વર્યની અનુભૂતિ કરીને
  - જીવન્મુક્તિ પામી શકે છે  દા.ત. પૃથ્વી ઉપરના પ્રભુ

* અમર બને

  - શરીર મરણધર્મા જ રહેશે
  - પણ હવે તમે પોતાને શરીરરૂપે નહીં ઓળખો - પરંતુ શુદ્ધાત્મારૂપે

* દેહ અમર બનવાની વાત નથી કરતા

  - મૃત્યુનો ભય જતો રહેશે

* મૃત્યુનો અનુભવ જુદો છે

  - કારણ કે આત્મા - અદેહી સાથે તાદાત્મ્યના કારણે
  - દેહધારી આત્મા અમર બને

* તેથી કેન્દ્રિત રહો

  - દા.ત. મેરે તો ગિરધર ... દૂસરો ન કોઈ
  - માત્ર મોક્ષ અભિલાષ

## શ્લોક - ૧૫

## શાસ્ત્રોનો સાર - હૃદયગ્રંથિ નાશ

### હૃદયગ્રંથિ નાશથી કામના નાશ

* આગલા મંત્રના અનુસંધાનમાં અંતિમ ઉપદેશ આપતાં આ મંત્રમાં કહે છે
  - કામના નાશ માટે હૃદયગ્રંથિનું છેદન
  - અવિદ્યા - કામ - કર્મ એકત્રિતપણે હૃદયગ્રંથિ તરીકે ઓળખાય છે
* હૃદયગ્રંથિ એટલે
  - બે બાજુ બે છેડા હોય
  - વચ્ચે ગાંઠને ગ્રંથિ કહેવાય
* હૃદયની ગ્રંથિ - કાવ્યાત્મક અભિવ્યક્તિ
  - ગાંઠની જેમ - તે મજબૂત બંધન છે
  - સર્વ દુઃખનું કારણ
* આ ગાંઠને છેદવી પડશે
  - જો ખોટી રીતે ખોલવાનો પ્રયત્ન કરશો
  - વધુ ગાઢ - સૂક્ષ્મ બને

(૧) અવિદ્યા - આત્મ અજ્ઞાન

- અહં (હું શરીર) મમ (મારી સંપત્તિ)
- કર્તૃત્વ (હું કર્તા) ભોક્તૃત્વ (હું સુખી-દુઃખી)

* શાશ્વત આત્મસ્વરૂપના બોધના અભાવે
  - દેહ - ઈન્દ્રિય - મન - બુદ્ધિમાં એકત્વ
  - હું શુદ્ધાત્મા - તેનું વિસ્મરણ

૨ કામનાઓ - ઉત્તેજનાઓ

- અવિદ્યાના કારણે ઉત્તેજના / વાસના જાગે
- દા.ત. દોરીમાં સર્પનો ખ્યાલ - ભાગવાની ઈચ્છા

૩ કર્મ - પ્રવૃત્તિ

- કામનાપૂર્તિ માટે પ્રયત્નો
- મનુષ્યને બહિર્મુખી રાખે

* આધ્યાત્મિક સ્તરે - માનસિક સ્તરે - બાહ્ય જગતના સ્તરે
  ↓ ↓ ↓
  - અવિદ્યા - કામના - કર્મ
  - કર્મ જાય - જ્યારે કામના જાય - જ્યારે અવિદ્યા જાય
* હૃદયગ્રંથિ છેદન માટે
  - મુખ્ય સાધન છે સત્સંગ
  - અને અંતર્મુખતાનો અભ્યાસ

### અમરત્વ પ્રાપ્ત કરે છે
### આ જ સનાતન ઉપદેશ છે

* કર્મના કારણે કર્મફળની પ્રાપ્તિ
  - ભોગવવા પુનઃ જન્મ ધારણ
  - તેથી હૃદયગ્રંથિ બંધનરૂપ - તોડવી આવશ્યક
* મનુષ્ય જીવન દરમ્યાન જ્યારે તે છેદે છે
  - જીવન્મુક્તિનો અનુભવ થાય છે
  - પૃથ્વી ઉપરના પ્રભુ!!
* જ્યારે દેહાધ્યાસ છૂટે
  - ઈચ્છાઓ દૂર થાય - મન ન ભટકે
  - વિકાર - વિક્ષેપ - વિકલ્પના અભાવમાં - બ્રહ્મ પર કેન્દ્રિત
* કામનાશૂન્ય થતાં અમર બને
  - નિષ્કામી થતાં - બ્રહ્મજ્ઞાની બને - બ્રહ્મજ્ઞ
  - તેને જીવન્મુક્તિની પ્રાપ્તિ થાય છે
* જો સર્વથા નાશ નહીં તો - ઓછામાં ઓછું
  - ગ્રંથિને ઢીલી કરવા જેટલો તો પ્રયત્ન આ ભવમાં કરો
  - દર્શનમોહ - ચારિત્રમોહ

* આ છે કેન્દ્રિય / સનાતન
  - ઉપનિષદોનો સંદેશ
  - આ છે સંપૂર્ણ બોધ - સંક્ષેપમાં
* આટલું જ્ઞાન મુક્તિ માટે આવશ્યક અને પૂરતું છે
  - ન અટપટું / ન જટિલ
  - ગ્રહણ કરવા મુમુક્ષુતા જોઈએ
* કેન્દ્રિત થવું જોઈએ - સાચો સાધક
  - તેને ગ્રહણ કરવા અને
  - તેને અનુભવના સ્તરે લઈ જવા

* આ જ સંપૂર્ણ વેદાંતશાસ્ત્રનો સાર છે
  - આદેશ છે - ઉપદેશ છે - સંદેશ છે
  - તેથી વધુ કોઈ મહાન ઉપદેશ નથી
* શાસ્ત્રોનો સનાતન ઉપદેશ આ જ છે
  - હૃદયગ્રંથિ છેદીને પોતાની ભીતર રહેલ
  - શાશ્વત તત્ત્વની અનુભૂતિ કરો

**પ્રવચન-૫ તા. ૩૦-૧૨-૨૨ બપોર**

<u>શ્લોક - ૧૬</u>

<u>મરણોત્તર ગતિ સંદર્ભે</u>

## <u>શ્લોકનો પરિચય</u>

* મંત્ર - અસ્થાને લાગે
  - સંદર્ભમાં નહીં
  - સમજવા માટે કુંડલિની જ્ઞાન જોઈએ
* હઠયોગના પાયારૂપ આ મંત્ર છે
  - અર્થ સમજવો મુશ્કેલ છે
  - ઘણાં શાસ્ત્રો - આ વિદ્યા માટે
* વૈદિકકાળમાં - કદાચ આ જ્ઞાન
  - સર્વ સામાન્યપણે પ્રવર્તતું હશે
  - આથી યમરાજે - સામાન્યપણે નિર્દેશ
* મંત્રની વિસ્તૃત છણાવટથી
  - ઉપનિષદની ધારામાં વિક્ષેપ પાડે છે
  - આમ છતાં - સંક્ષિપ્તમાં જોઈએ

---

* પ્રસ્તુત મંત્રમાં - કહેવાય છે
  - મરણોત્તર ગતિ સમજાવવામાં આવી છે
  - નચિકેતાનો પ્રશ્ન - મૃત્યુ પછી શું થાય?

---

* હઠયોગમાં = નાડી વિજ્ઞાનની મુખ્યતા છે
  - ભૌતિક શરીરમાં નથી - આધુનિક તબીબી જ્ઞાન સ્વીકારતું નથી
  - સૂક્ષ્મ શરીરમાં પ્રાપ્ત - ઊર્જા શરીર કહેવાય
* ભૌતિક(સ્થૂળ)ની ભીતર - વિદ્યુત (સૂક્ષ્મ) શરીર છે
  - જે સ્થૂળ શરીર - સાથે સંબંધિત છે પરિણામ ભૌતિક શરીર પર પડે છે
  - વિદ્યુત શરીર - તૈજસ શરીર સૂક્ષ્મ શરીર - લિંગ દેહ કહેવાય
* ભૌતિક શરીર નષ્ટ થતાં - નષ્ટ થતું નથી
  - બીજા જન્મમાં રહે છે - જ્યારે મુક્તિ
  - ત્યારે નષ્ટ - પછી નવો જન્મ નથી

---

* હઠયોગ કહે છે - મનુષ્યના હૃદયમાંથી
  - ૧૦૧ નાડીઓ નીકળે છે
  - નાડી = ઊર્જાની ચેનલ - શિરા ધમનીઓ નહીં
* ભૌતિક નહીં - સૂક્ષ્મ
  - ભૌતિક શરીરમાં દેખાય નહીં - તેથી ન જોઈ શકો
  - માટે ડૉક્ટરો / સર્જનો તેને ન જોઈ શકે

## <u>નાડી વિજ્ઞાન - હઠયોગ</u>

* ૧૦૧ ૭૨,૦૦૦ નાડીમાં વિભાજિત
  - ઊર્જાની ચેનલો - આખા શરીરમાં
  - શરીરમાં નાડીઓ - આંખો દ્વારા ન દેખાય
* આ ૧૦૧ (મુખ્ય) નાડીમાં
  - ૧ મસ્તકના કેન્દ્રસ્થાન (બ્રહ્મરંધ્ર) સુધી જાય
  - ૧૦૦ શરીરમાં બધી દિશાઓમાં જાય
* ૧ નાડી - સુષુમણા નાડી કહેવાય
  - કરોડરજ્જુની સંપૂર્ણ સમાંતરે આવેલી છે
  - મસ્તકના કેન્દ્રસ્થાન સુધી વિસ્તરેલી છે
  - ઍપેક્સ કહેવાય - બહુ અગત્યની નાડી

---

* રશિયન દાર્શનિક - કિર્લિઅન - કિર્લિઅન ફોટોગ્રાફી
  - દા.ત. જેમ એક્સ-રે - હાડકાંના ફોટાઓ
  - તેમ કિર્લિઅન ફોટાઓ - વિદ્યુત શરીરના ફોટાઓ
* બીમારી પકડી શકે
  - વિદ્યુત શરીરથી ભૌતિક શરીર સુધી પહોંચતાં ૬ મહિના
  - ૬ મહિના પહેલાં બીમારી પકડી શકે
* જો નિદાન - સરળતાથી ઉપચાર
  - વિદ્યુત શરીર મંદ પડે - ઊર્જા અત્યંત મંદ પડે
  - દા.ત. નાક દેખાતું બંધ થાય વગેરે

---

* સૂક્ષ્મ - વિદ્યુત - તૈજસ - ઊર્જા દેહ
  - એક આભામંડળ નિર્મિત કરે
  - તેનાથી આંતરિક અવસ્થા જણાય
* જેટલી ઊર્જા - સુષુમણા દ્વારા ઊર્ધ્વ
  - મૂલાધારથી મસ્તક - કામકેન્દ્રથી સહસ્રાર સુધી
  - રૂપાંતરણ થાય - દિવ્યતાની અનુભૂતિ
* હઠયોગ વિવિધ પદ્ધતિઓ દર્શાવે
  - દા.ત. આસન (શીર્ષાસન) - પ્રાણાયામ વગેરે
  - જેથી ઊર્જા મસ્તક તરફ જાય
* ગુરુત્વાકર્ષણથી આકાશીય આકર્ષણ
  - દા.ત. જમીન પર પગ - ગુરુત્વાકર્ષણનું ખેંચાણ ગયું
  - દા.ત. ઊર્જા ભીતરના જગતમાં પ્રવેશ સંસારને ન સ્પર્શે
* ગુરુત્વાકર્ષણથી આકાશીય આકર્ષણ
  - ભીતર અદ્ભુત લાગે
  - ભીતર દિવ્ય લાગે

---

* મસ્તક શાંત - અવકાશ સર્જાય
  - ઊર્જા તે તરફ ભાગે
  - દા.ત. પાણી ખાડો - પાણી આવે
* હઠયોગ - રાજયોગ
  - આસન, પ્રાણાયામ, મુદ્રા દ્વારા
  - શ્રવણ-મનન-નિદિધ્યાસન દ્વારા - માન્યતા, વિચારમાં બદલાવ
* કઠોપનિષદ - મુખ્યતાએ રાજયોગ
  - અધ્યાત્મયોગ
  - માત્ર એક મંત્ર આ માટે

## મૃત્યુના સમયે

* આ મંત્રમાં - કહ્યું

- જો આત્મા નીકળે
  - બ્રહ્મરંધ્રમાંથી
  - ૧૧મા દ્વારમાંથી
  - રાજદ્વારમાંથી
- ઊર્ધ્વગમન દ્વારા અમરત્વ પ્રાપ્ત કરે

* જો બીજાં દ્વારોમાંથી

- ૧૦૦ નાડી દ્વારા
- સાંસારિક જીવનમાં પુનર્જન્મ

---

* અજ્ઞાની

- બધી ઊર્જા જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય તરફ
- મૃત્યુ વખતે બીજાં ૧૦ દ્વારોમાંથી જાય
- નીચ ગતિ / યોનિ પ્રાપ્ત કરે

* જ્ઞાની

- જો સુષુમણા દ્વારા - બ્રહ્મરંધ્રને ભેદીને
- અમરત્વ પ્રાપ્ત

* સાપેક્ષ અમરત્વ

- બ્રહ્મલોકની પ્રાપ્તિ - અલ્પ મર્યાદિત - નિરપેક્ષ અમરત્વ નહીં
- દીર્ઘકાળ - અતિ પુણ્યોદયે પ્રાપ્ત

* બ્રહ્મલોકના નિવાસી

- કલ્પ પૂરો થાય ત્યાં સુધી
- પ્રલયકાળ સુધી - પછી પરમ અવસ્થા પામે છે

---

## કેવળજ્ઞાની - છદ્મસ્થ જ્ઞાની - અજ્ઞાની

* જો પૂર્ણજ્ઞાન પ્રાપ્તિ - જીવતાં છતાં

- જીવન્મુક્તિ (કેવળજ્ઞાનના અર્થમાં)
- શ્રુતિએ - તમામ માર્ગ નકારી કાઢ્યા છે

* સ્વયં બ્રહ્મ બની જાય

- આવી સંપૂર્ણ / સમગ્ર મુક્તિને
- કૈવલ્યમુક્તિ કહેવાય છે

* આ નિરપેક્ષ અમરતા છે

- પછી પુનઃ જન્મ નહીં
- આત્મજ્ઞાન વિના કેવળજ્ઞાન નહીં

* તેઓની મરણોત્તર ગતિ જ નથી

- દેહપાત પછી વિદેહમુક્તિ છે
- ન અન્ય યોનિ - ન બ્રહ્મલોક પ્રાપ્તિ

---

* કેવળજ્ઞાનીને

- બ્રહ્મલોક તરફ ગતિ પણ નથી
- કોઈ કર્મ બાકી નહીં - તેથી કોઈ પુનઃ જન્મ નહીં

* તેમને દેહપાત પછી

- નિર્વાણપદ
- મરણોત્તર ગતિ હોતી જ નથી

---

* છદ્મસ્થ જ્ઞાનીને

- સુષુમણા નાડી વડે ઊર્જા - બ્રહ્મરંધ્રમાંથી
- બ્રહ્મલોકની પ્રાપ્તિ

---

* અજ્ઞાનીને

- અન્ય ૧૦૦ નાડી - ૧૦ દ્વારો
- અન્ય યોનિની પ્રાપ્તિ

---

* જીવન્મુક્ત (કેવળી) - નિરપેક્ષ મુક્તિ

- જે મૃત્યુ પશ્ચાત્ નહીં - જીવતાં જ મુક્તિ પ્રાપ્ત
- તેમની સ્તુતિ કરવામાં આવી છે

* તાત્પર્ય - જેમના પ્રાણ સુષુમણા નાડી દ્વારા

- તે ઊર્ધ્વલોકગમન - બ્રહ્મલોક પામે
- બાકીના નિમ્ન યોનિ - સંસારમાં ભટકે છે

## શ્લોક - ૧૭

## ઉપદેશનો ઉપસંહાર - દૃષ્ટાંત સહિત ભિન્નતા

| પરિચય - આત્મા | અલગ કરવું - ઉપમા |
|---|---|
| * હવે છેલ્લા ૨ મંત્ર<br>- આ આખા ઉપનિષદનો સાર આપે<br>- ગ્રંથનો નિષ્કર્ષ દા.ત. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સાથે સરખામણી<br>* અહીં સંવાદ પૂરો થાય - યમ / નચિકેતા<br>- યમનો ઉપદેશ અહીં સમાપ્ત<br>- આવતામાં આખ્યાયિકાનો ઉપસંહાર - ઉપનિષદ કર્તા દ્વારા<br>* ઝંઝટમાં ન પડો<br>- હઠયોગ - નાડી વિજ્ઞાન<br>- કેન્દ્રિત થાઓ શુદ્ધાત્મા પર જે | * આત્મા અનાત્માનો વિવેક દર્શાવવા<br>- અત્રે ઉપયોગમાં લેવાયેલ રૂપક / ઉપમા<br>- ઉપનિષદની શૈલી સ્પષ્ટ કરે છે<br>* નચિકેતા - તેની મારફત સર્વ સાધકોને<br>- શરીર સાથેની ભ્રામક તાદાત્મ્યતાથી<br>- પરમ ચૈતન્યને અલગ કરવાનો ઉપદેશ |
| * અંતરાત્મા તરીકે મનુષ્યના હૃદયમાં<br>- અંગૂઠાના માપ જેટલો - હૃદયાકાશમાં બિરાજમાન છે<br>* ઉપાધિના દૃષ્ટિકોણથી આ કથન છે<br>- વ્યક્તિનું હૃદય તેની મુઠ્ઠીના માપનું હોય છે<br>- મુઠ્ઠીમાં સૌથી ઉપર અંગૂઠો હોય છે<br>* માટે અંતરાત્માને ઉપાધિના દૃષ્ટિકોણથી<br>- અંગુષ્ઠપ્રમાણ કહ્યો છે<br>- સૌના હૃદયમાં / હૃદયાકાશમાં છે | * ખૂબ જ ધૈર્યપૂર્વક જેમ<br>- દા.ત. મુંજ ઘાસથી તેની મધ્યે રહેલી શલાકા સળી<br>- તોડ્યા વગર - ધીરેથી બહાર ખેંચી - તેનું સ્વરૂપ જાણી શકાય<br>* તેમ આત્માને ધૈર્યપૂર્વક<br>- દેહ અને વિભાવના આવરણથી<br>- ભિન્ન કરી - તેનું સ્વરૂપ જાણી શકાય છે<br>* મુંજ નામના કૂણા ઘાસનાં પાંદડાંમાંથી<br>- તેના અતિકૂણા સૂક્ષ્મ ગર્ભને તારી કાઢવું<br>- બહુ નાજુક / સૂક્ષ્મ પ્રક્રિયા છે |
| * ધ્યાનમાર્ગની પ્રારંભિક અવસ્થામાં<br>- ધ્યાનને સહાયરૂપ થાય તે માટે<br>- આત્માના આકાર / કદનો ખ્યાલ આપવામાં આવ્યો છે<br>* વાસ્તવમાં - આત્મા તો<br>- નિરાકાર છે - માત્ર સાધકોને તેમના<br>- ધ્યાન સાધવામાં સહાયરૂપ થવા ખાતર આમ વર્ણન | * તેથી ખૂબ કૌશલ્યની આવશ્યકતા છે<br>- સમગ્ર પ્રક્રિયા પાર પાડવા માટે<br>- તેમ ભેદજ્ઞાન પણ સૂક્ષ્મ બુદ્ધિની અપેક્ષા રાખે છે<br>* ખૂબ ધૈર્ય અને સૂક્ષ્મતાથી<br>- દેહ - ઈન્દ્રિય - મન - બુદ્ધિથી<br>- આત્માને છૂટો પાડવાનો છે<br>* હું દેહાદિ સંયોગ નથી - દેહભાવ રાગાદિ વિકાર નથી - જીવભાવ<br>- છૂટો પાડવાનો છે |
| * નચિકેતાને ઉપદેશ દેતાં યમ કહે છે<br>- આત્મા પંચકોશોની પરે છે<br>- તેથી વિવેકપૂર્વક એ દિવ્ય તત્ત્વને<br>- તેનાથી અલગ કરવા માટે<br>- સીધો આદેશ આપીને<br>- યમરાજ તેમની ઘોષણા સમાપ્ત કરે છે | * ખૂબ ધૈર્ય - એકાગ્રતા - કળા<br>- શુદ્ધ ચૈતન્યને ભિન્ન કરો<br>- શરીર - ઈન્દ્રિયો - મન - બુદ્ધિ - લાગણીઓથી<br>* દેહભાવ, જીવભાવથી - આત્મભાવ<br>- શુદ્ધ ચૈતન્ય અનુભવો<br>- વિચારો / લાગણીઓ / વિકારોથી રહિત |

<u>ભેદજ્ઞાનથી અભેદતા</u>

* જીવે શુદ્ધાત્માને અલગ કરવો જોઈએ

- પોતાનાં શરીર અને લાગણીઓથી
- દેહ, વિકાર - શુદ્ધ આત્મા વચ્ચે ભેદ કરો

* સર્જરી જેવું લાગે!!

- હું કોણ છું? શરૂ કરો
- નેતિ નેતિથી - સર્વ અનાત્માને બાદ કરતાં
- જે બાકી રહે તે જ છે
- વિશુદ્ધ અમૃતમય આત્મા
- શુક્રમ્ (શુદ્ધ) અમૃતમ્ (અમૃતસ્વરૂપ)

* ભેદજ્ઞાનથી શરૂ કરો

- તેને અલગ કરીને
- શુદ્ધાત્મામાં અભેદ થાઓ

* તેને અનુભવો

- અજન્મા - શાશ્વત - અજર
- અપરિવર્તનશીલ - કૂટસ્થ - ધ્રુવ તત્ત્વ
- સ્વયંજ્યોતિ ચૈતન્ય
- શાંત - શક્તિશાળી - આનંદમય
- સત્ ચિત્ આનંદરૂપે ઓળખવું

* તે વિશુદ્ધ છે = રાગાદિ વિકારરહિત
તે અમૃતમય છે = અવિનાશી છે
તે ચૈતન્ય છે = જ્ઞાન

* તે માટે શ્રવણ - મનન - નિદિધ્યાસન

a) સત્સંગ - શાસ્ત્રાભ્યાસ કરો
b) ચિંતન મનન
c) ધીરજપૂર્વક ધ્યાન
  - વારંવાર પ્રમાદ વિના
  - હતાશા કંટાળ્યા વિના કરવું

* તેને મુલતવી ન રાખો

- તેને અનુભવો
- અહીં અને અત્યારે

<u>પ્રેરણાત્મક</u>

* પરમાત્મા ભીતર છે - સાગર ભીતર છે

- દા.ત. કૂવો ખોદવો પડે
- પછી તાજું પાણી કાઢતાં જાઓ - નિતનવીન આનંદ

* માટી - કાંકરાનું આવરણ ખસાડવું પડે

- દેહભાવ / જીવભાવ ખસાડવો
- મનન / નિદિધ્યાસન - ધ્યાનાભ્યાસ દ્વારા

* કબીરજીએ કહ્યું

- 'દોનોં હાથ ઉલેચીએ'
- પર્યાયમાં આનંદની અભિવ્યક્તિ

* શુદ્ધાત્મા / પરમાત્મા ભીતર છે

- પરંતુ દેહાદિ સાથે એકદમ નિકટ / તાદાત્મ્ય
- એકત્વ થઈ ગયું છે

* આ એકત્વને તોડો

- સર્વ દુઃખનો અંત
- આસક્તિ નહીં - પણ તાદાત્મ્ય

* દા.ત. ફરીદને મંસૂર વિષે પૂછ્યું

- જ્યારે હાથ પગ કપાયા - હસતા હતા
  મરતી વખતે પણ - સ્મિત કરતા હતા
  વિશ્વાસ નથી આવતો - કઈ રીતે શક્ય
- ૨ નાળિયેર લાવવાનું કહ્યું - એક સૂકું
  તાજું તોડીને ટોપરું કાઢવાનું કહ્યું
  શક્ય નહીં - સૂકામાં શક્ય
- કહે કે મંસૂર સૂકા નાળિયેર જેવા હતા
  કોપરું કોચલું અલગ હતા (એમના જ્ઞાનમાં)
  કોચલાને નુકસાન થયું - ટોપરાને નહીં

* તમારા જ્ઞાનમાં - અલગ કરો

- શુદ્ધ ચૈતન્યને
- દેહાદિ સંયોગ - રાગાદિ વિકારથી
- આનંદને અનુભવો
- આ ઉપનિષદનો આ સાર છે

## શ્લોક - ૧૮

## આખ્યાયિકાનો ઉપસંહાર - તમે પણ કરી શકો

| અંતિમ મંત્ર વિષે | નચિકેતાને પ્રાપ્તિ |
| --- | --- |
| * પાછળના મંત્રમાં અવ્યય इति<br>- નિર્દેશે છે કે સંવાદ ત્યાં સમાપ્ત થઈ ગયો છે<br>- આ મંત્ર ઉપનિષદકર્તાનો છે<br>* યમ અને નચિકેતા વચ્ચેનો સંવાદ<br>- પૂર્ણતાને પામ્યો<br>- તે પૂરતો છે - તે પર્યાપ્ત છે | * નચિકેતાએ બ્રહ્મવિદ્યાને આત્મસાત્ કરી<br>- સમજી અને અનુસરી<br>- અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું<br>* તેણે ગ્રહણ કર્યું - અભ્યાસ કર્યો - પ્રાપ્ત કર્યું<br>- બ્રહ્મત્વ અને અમર બન્યો<br>- મૃત્યુના ભય - કામનાઓથી મુક્ત |
| * જે બધું કહી શકાય<br>- તે એક અધિકારી ગુરુ દ્વારા<br>- સ્પષ્ટપણે કહેવાયું<br>* અને સ્વીકારાયું / ગ્રહણ કરાયું<br>- નચિકેતા જેવા અધિકારી શિષ્ય દ્વારા<br>- જેનામાં સાધકના ગુણો હતા | * મૃત્યુ પર વિજય મેળવ્યો<br>- આ સત્સંગ પછી - પાછો જાય<br>- પરંતુ અમર બને (મૃત્યુભયમુક્ત)<br>* મૃત્યુના ઘરમાંથી પાછો ફર્યો<br>- બીજા નહીં - તે ફર્યો<br>- કારણ કે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું - અમરત્વ |
| * આ આધ્યાત્મિક ઉપદેશ / સત્ય<br>- યોગવિદ્યા બ્રહ્મવિદ્યા કહેવાય છે કારણ કે<br>- બ્રહ્મસ્વરૂપ અને બ્રહ્મસાક્ષાત્કારની વિધિ દર્શાવવામાં આવી છે<br>* વેદાંત જટિલ નથી<br>- ઘણો સમય જોઈએ<br>- સાચા મુમુક્ષુ બનવા અને તેને ગ્રહણ કરવા<br>* નહીં કારણ કે વેદાંત<br>- જટિલ કે અટપટું છે એટલે<br>- પરંતુ આપણા ખોટા સંસ્કારના કારણે<br>* સમર્થ શિષ્ય - નચિકેતા<br>- યમ પાસેથી બ્રહ્મનું જ્ઞાન<br>- આત્મસાત્ અને અનુસરણ કરી શક્યો | * યમાચાર્ય દ્વારા જે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ અપાયો<br>- તેનું યથાર્થ શ્રવણ કરી નચિકેતા<br>- આત્માને જાણી સ્વયં બ્રહ્મરૂપ થઈ ગયો<br>- બ્રહ્મને અભેદરૂપે જાણે તે બ્રહ્મ થઈ જાય છે<br>- શ્રવણ-મનન-નિદિધ્યાસનની પ્રક્રિયા દ્વારા તેણે<br>- આત્માની અપરોક્ષાનુભૂતિ કરી<br>* विरजः = વિકારશૂન્ય થયો<br>- વિશુદ્ધ થયો - દોષો, વિકારો, કર્મો<br>- અશુદ્ધિઓથી મુક્ત થયો<br>* विमृत्युः = મૃત્યુરહિત થયો<br>- આત્મા જાણ્યો માટે અમર / દેહના ધર્મોનો ત્યાગી<br>- જીવતાં જ મુક્તિ મેળવી - જીવન્મુક્ત<br><br>* આમ, અંતિમ ઉપદેશમાં સ્પષ્ટ કહ્યું<br>- મુક્તિ શક્ય અહીં અને અત્યારે<br>- સમય / સ્થાનની રાહ જોવાની જરૂર નથી<br>- આત્મજ્ઞાન જ મુક્તિ છે<br>- તત્કાળ શક્ય છે<br>- સમયની રાહ / પ્રવાસ જરૂરી નથી |

| તમે પણ તેને પ્રાપ્ત કરી શકો<br>બધા તેને પ્રાપ્ત કરી શકે | પ્રેરણાત્મક - મારું વક્તવ્ય |
|---|---|
| * નિષ્કર્ષમાં શ્રુતિ જાહેર કરે છે કે<br>- જેવી રીતે ભૂતકાળમાં નચિકેતાને આત્મજ્ઞાન થયું હતું તેવી રીતે<br>- વર્તમાન કે ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ આત્મજ્ઞાનનો અધિકારી થઈ શકે છે<br>- એ નિર્વિવાદ છે<br>* જો વૈદિકકાળમાં કોઈ એકાદ સાધકે યમરાજ જેવા ગુરુ પામીને આત્માનુભૂતિ કરી<br>- તો આપણે એને એક ઐતિહાસિક આકસ્મિક ઘટના માનતે<br>* પણ શ્રુતિ અહીં ભારપૂર્વક કહે છે કે<br>- જે કોઈ યોગવિદ્યાને આરાધશે<br>- તેને પણ આ પદ પ્રાપ્ત થશે<br>- ખંત અને ધૈર્યથી નચિકેતાની જેમ ઉપાસના<br>- તેને આજે પણ - અપરોક્ષાનુભૂતિ થઈ શકે | * જે યમે નચિકેતાને કહ્યું - મેં તમને કહ્યું<br>- નચિકેતાને જે પ્રાપ્ત થયું - તમને પણ થઈ શકે<br>* આશ્વાસન પાકું છે પણ કદમ માંડો તો<br>- સાંભળવાથી કે વિચારવાથી નહીં - ચાલવાથી<br>- કમજોર છીએ એવી ચિંતા ન કરતા<br>* એક એક ડગલાંથી - હજારો માઈલની યાત્રા પૂરી<br>- એકવારમાં - એક જ પગલું ભરવાનું છે<br>- દા.ત. ટેકરી - મંદિર - ફાનસ - ફકીર - બોધ<br>* જેટલી તમારી ક્ષમતા છે - કાર્યાન્વિત કરો<br>- વિચારતાં ન રહો - પ્રયાસ કરો<br>- જેને પ્રાપ્ત કરવું છે - તે ભીતર મોજૂદ જ છે |
| * જે સમજે છે<br>- ઉપદેશ જે નચિકેતાએ ગ્રહણ કર્યો હતો<br>- અમરત્વ પામશે<br>* જે કોઈ તેનો અભ્યાસ કરશે<br>- બ્રહ્મજ્ઞાન / અપરોક્ષાનુભૂતિ પામશે<br>- અને શુદ્ધ, અમર બનશે<br>* આપણે બધા કૃપાપાત્ર છીએ<br>- જ્ઞાની ઋષિઓનું પ્રાચીન જ્ઞાન<br>- ઉપદેશ મેળવવા | * તારું સ્વરૂપ અમૃત છે - પોતાને મરણધર્મી માન્યો છે<br>- ક્ષણમાં ભ્રાંતિ તૂટી શકે - અનંત જન્મે પણ ન તૂટે એવું બને<br>- તમારા પર નિર્ભર છે<br>* તીવ્રતા / પ્રગાઢતા / દઢતા નચિકેતા જેવાં<br>- કિંમત / મૂલ્ય ચૂકવવા તૈયાર?<br>- દાવ પર લગાવવા તૈયાર?<br>* નચિકેતાની જેમ તમે પણ<br>- સર્વ વિકારરહિત થઈ બ્રહ્મમય થઈ શકો<br>- તેના જેવી સરળતા, નિર્દોષતા, શ્રદ્ધા, ખપ, પ્રલોભનમાં અડગતા, અભીપ્સા, ધૈર્ય, તીવ્ર મુમુક્ષુતા હોય તો<br>- નચિકેતાને જે થયું - તમને પણ થઈ શકે<br>* નચિકેતાની જેમ સાંભળવા અહીં આવ્યા<br>- નચિકેતાની જેમ ભરાઈને પાછા ફરો<br>- એવી પરમકૃપાળુદેવને પ્રાર્થના / આશિષ માંગું છું<br>* પરમકૃપાળુદેવના યોગબળે આત્મસિદ્ધિ સર્વેને<br>- અવશ્ય થશે<br>* આપણે બધા શાંતિપાઠ / અંતિમ પ્રાર્થના કરીએ<br>a) જો ન સમજાયું / કે ખોટી રીતે સમજાયું તે દૂર થાઓ - મિચ્છામિ દુક્કડમ્<br>ક્ષમાપના<br>b) અને આશીર્વાદની યાચના કે<br>- સત્યનો સ્વીકાર અને તેનો અભ્યાસ કરી શકીએ<br>- છેલ્લી વાર શાંતિપાઠ |